श्री सामायिक सूत्र संक्षेप अर्थ सहित.

અથ નવકાર.

નમો અરિહંતાણં ૧

નમસ્કાર હો વિહરમાન શ્રી અરિહંત પ્રત્યે. ૧

નમો સિદ્ધાણં ૨

નમસ્કાર હો સર્વ સિદ્ધ પ્રત્યેં. ૨

નમો આયરિઆણં ૩

નમસ્કાર હો આચાર્ય પ્રત્યેં. ૩

નમો ઊવઝાયાણં ૪

નમસ્કાર હો શ્રી ઊપાધ્યાય પ્રત્યેં. ૪

નમો લોએ સવ્વસાહુણં ૫

નમસ્કાર હો અઢીદ્વીપ રૂપ મનુષ્ય લોકને વિષે સર્વ સાધુ પ્રત્યેં. ૫

એસો પંચ નમુક્કારો ૬

એ જે અરિહંતાદિક સંબંધિ પાંચ નમસ્કાર છે એટલે નમસ્કાર પંચક છે તે કેવો છે તો કે. ૬

સવ્વ પાવપ્પણાસણો ૭

સર્વ પાપનો પ્રકર્ષે કરી નાશ કરનાર છે.

મંગલાણં ચ સવ્વેસિં ૮

સર્વ મંગલ માંહે ૮

પઢમં હવઇ મંગલં ૯

પ્રથમ એટલે મુખ્ય મંગલ છે અર્થાત્ એ ભાવ મંગલ છે તે મોક્ષ સુખનું આપનાર છે. ૯

॥ અથ પંચિંદિઅ ॥

પંચિંદિઅ સંવરણો

પાંચે ઇંદ્રિયના વિકારને સંવરણહાર. ૧૦

તહ નવવિહ બંભચેર ગુત્તિધરો ॥

તથા નવ પ્રકારે બ્રહ્મચર્યની ગુપ્તિના ધરનાર એટલે શીલની નવવાડના પાલનાર.

ચઉવિહ કસાય મુક્કો

ચાર પ્રકારના ક્રોધાદિક કષાય થકી મૂ-
કાણા છે.

ઇઅ અઠ્ઠારસ ગુણેહિં સંજુત્તો ॥ ૧ ॥

એ ત્રણ ગુરૂના વિશેષણમાં રહ્યા જે અ-
ઢારે ગુણ તેણે કરી સહિત. ૧

પંચમહવ્વય જુત્તો

પાંચ મહાવ્રતે કરી યુક્ત સહિત.

પંચવિહાયાર પાલણ સમથ્થો ॥

જ્ઞાનાદિક પંચવિધ આચાર પાલવાને સ-
મર્થ સાવધાન.

પંચસમિઓ તિગુત્તો

ઇરિયાદિક પાંચ સમિતિયે કરી સમિત
એટલે ઉપયુક્ત તથા મનો ગુપ્ત્યાદિક ત્રણ
ગુપ્તિયે કરી ગુપ્ત એટલે ગોપ્યો છે પાપ
થકી આત્મા જેણે.

છત્તીસ ગુણો ગુરૂ મઝ્ઝ ॥ ૨ ॥

એ સાત ગુરૂના વિશેષણો માંહે રહ્યા જે
છત્રીશ ગુણ તેણે કરી સંપન્ન તે માહારા
ગુરૂ છે. ૨

॥ અથ ખમાસમણ ॥

અથવા પ્રણિપાત

ઇચ્છામિ ખમાસમણો. વંદિઉં.

ઇચ્છું છું વાંછું છું હે ક્ષમા સહિત શ્રમણ સાધુજી તમોને વાંદવાને.

જાવણિજ્જાએ

જેણે કરી કાલક્ષેપ કરીયેં તેને યાપનીયા કહીયેં તે શક્તિયેં કરી સહિત એવો.

નિસીહિઆએ

જીવ હિંસાદિક નિવૃત્તિ રૂપ પ્રયોજનવાલું શરીર તેણે કરી.

મત્થએણ વંદામિ ॥

મસ્તકેં કરી તમોને હું વાંદું છું.

॥ અથ સુગુરૂને શાતા સુખ પૃચ્છા ॥

ઇચ્છકાર સુહરાઇ સુહદેવસિ સુખતપ શરીર નિરાબાધ સુખસંજમ જાત્રા નિર્વહો છોજી. સ્વામી શાતા છેજી.

ભાતપાણીનો લાભ દેજોજી ॥

ઇચ્છા કરૂં છું, સુખેં રાત્રિ, સુખેં દિવસ, સુખેં તપશ્ચર્યામાં, શરીર સંબંધિ નિરાબાધ પણામાં એટલે રોગરહિત પણામાં, સુખે સંયમ યાત્રામાં નિર્વહો છો એટલે પ્રવર્ત્તો છોજી. સ્વામીજી શાતા છેજી. એવી રીતે સુખશાતા પૂછવી અને પછી ભાત પાણીનો લાભ દેવા માટે નિમંત્રણા કરવી.

॥ અથ ઇરિયા વહિયં ॥

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્

તમારી ઇચ્છા પુર્વક એટલે તમારી ઇચ્છા હોય તો આદેશ આપો આજ્ઞા કરો તો હે ભગવન્.

ઇરિયાવહિયં પડિક્કમામિ. ઇચ્છં

ચાલવાનો માર્ગ તેને વિષે થઈ જે જીવ બાધાદિક સપાપ ક્રિયા તે થકી હું પ્રતિક્રમું નિવર્તું? તેવારેં ગુરૂ "પડિક્કમેહ" કહે અને શિષ્ય "ઇચ્છં" કહે. ઇચ્છં એટલે પ્રમાણ છે. હું તમારો આદેશ અ-

ગીકાર કરૂં છું. મસ્તકેં ચઢાવું છું.

એવી રીતે આદેશ માગવાના સૂત્રો કહીને પછી.

ઇચ્છામિ પડિક્કમિઉં

હું ઇચ્છું છું વાંછું છું પ્રતિક્રમવાને નિવર્ત્તવાને. ૧

હવે શા થકી નિવર્ત્તવાને વાંછું છું તે કહે છે.

ઇરિયાવહિયાએ વિરાહણાએ ॥ ૨ ॥

માર્ગને વિષે થતી એવી જે જંતુઓની વિરાધના તે થકી. ૨

હવે તે વિરાધના શું કર્યાથી
થાય તે કહે છે.

ગમણાગમણે ॥ ૩ ॥

પોતાના સ્થાનકથી પરસ્થાનકે જવું તેને ગમન કહીએ અને પરસ્થાનકેથી પોતાના સ્થાનકે આવવું તેને આગમન કહીએ તેને વિષે જે વિરાધના થઇ હોય ૩

હવે તે જવા આવવાથી વિરાધના કેમ થાય તે કહે છે,

પાણક્કમણે

બેંદ્રિય તેંદ્રિય અને ચઉરિંદ્રિય જીવોને પ્રાણિ કહીએ તે જીવોને આક્રમણ એટલે પગે કરી ચાંપવા થકી.

બીયક્કમણે

શાલિ ગોધૂમ પ્રમુંખ સર્વ જાતિના ધાન્ય જે વાવ્યાં થકાં ઊગી આવે તે બીજને પગે કરી ચાંપવા થકી.

હરિયક્કમણે

લીલી વનસ્પતિને પગે કરી ચાંપવા થકી.

ઓસા ઊત્તિંગ

ઠારનું પાણી તથા ગર્દભાકાર જીવો અથવા ઊત્તિંગ શબ્દે કીડીઓનાં નગરાં પણ જાણવા.

પણગ

પાંચ વર્ણી નીલ ફુલ.

દગમટ્ટી

પાણી અને માટી એ બે ભેલા મલેલા કીચડ રૂપ અથવા પાણી અને માટી એમ

બેહુ પદનાં અર્થ જુદા જુદા કરવા.

મક્કડા સંતાણા.

કોલીઆવડાની જાલને મકંટ સંતાન કહીયે.

એઠારના પાણીથી માંડીને સર્વ પાંચ અથવા છ જાતિના જીવોની વિરાધના શી રીતે થઈ હોય તે કહે છે.

સંકમણે ॥ ૪ ॥

સંક્રમણ તે પગે કરી પીડ્યા થકી, ચાંપ્યા થકી, મશલવા થકી, મથન કરવા થકી, તાડન તર્જન કરવા થકી, જે વિરાધના થઇ હોય. ૪

હવે ઘણું શું કહેવું પરંતુ એકજ પદે કરી સર્વ જીવોની વિરાધના કહે છે.

જેમે જીવા વિરાહિયા. ॥ ૫ ॥

જે કોઇ જીવો મેં વિરાધ્યા હોય. ૫

હવે કયા જીવ મેં વિરાધ્યા દુઃખી કર્યા તે કહે છે.

એગિંદિયા

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પ-

તિરૂપ પાંચ પ્રકારના સ્થાવર જીવને શરીર માત્ર હોય માટે એને એકેંદ્રિય જાતિ કહિયે.

બેઇંદિયા

જેને શરીર અને મુખ એ બેજ ઇંદ્રિયો હોય એવા કૃમિ, શંખ, સીપ, અલસીયા પ્રમુખ બે ઇંદ્રિ જાતિ કહીયે.

તેઇંદિયા

જેને શરીર, મુખ તથા નાસિકા ત્રણજ ઇંદ્રિયો હોય એવા ગદ્દહિયા, કુંથુઆ, જુ, લીખ, માંકડ, કીડી, મક્કોડા પ્રમુખ ને ત્રેંદ્રિય જાતિ કહીયે.

ચઉરિંદિયા

જેને શરીર, મુખ, નાશિકા અને આંખ એ ચારજ ઇંદ્રિયો હોય એવા માખી, કું-વી, મચ્છર. ડાંસ, વીંછી, કોલીયાવડા, ચાં-ચડ, ભમરી, ટીડ પ્રમુખ ઊડનારા જીવ તે ચતુરિંદ્રિય જાતિ કહીયે.

પંચેંદિયા ॥ ૬ ॥

જેને શરીર, મુખ, નાશિકા, આંખ અને

કાન એ પાંચે ઈંદ્રિયો હોય એવા મત્સ્ય કચ્છપાદિક તથા સિંહ વ્યાઘ્રાદિક અને હંસ મયૂરાદિક પક્ષીઓ તેમજ મનુષ્ય, દેવ અને નારકી એ સર્વ પંચેંદ્રિય જાતિ કહીયે. ૬

હવે એ જીવોને કેવી કેવી રીતે વિરાધ્યા તે પ્રકાર કહે છે.

અભિહયા

સામા આવતાને પગે કરી હણ્યા.

વત્તિયા

પૂંજીને એકઠા કીધા.

લેસિયા

ભૂમિયે ઘસ્યા, ભીંતાદિકે લગાડયા અથવા લગારેક મસળ્યા.

સંઘાઇયા

માંહોમાંહે શરીરને મેળવવે કરી પિંડિભૂત કીધા એકઠા મેળવ્યા.

સંઘટ્ટિયા

થોડો સ્પર્શ કરવે કરી દુહવ્યા.

પરિયાવિયા

પરિતાપ ઊપજાવ્યો સમસ્તપ્રકારે તપાવ્યા.

કિલામિયા

આકરી કિલામણા ગ્લાની ઉપજાવી નિસ્તેજ કીધા.

ઊદ્દવિયા

ત્રાસ પમાડ્યા શેષ જીવ રહ્યા પણ હાલી ચાલી ન શકે એવા કીધા.

ઠાણાઓ ઠાણં સંકામિયા

એક સ્થાનક થકી ઉપાડીને બીજે સ્થાનકે સંક્રમાવ્યા.

જીવિયાઓ વવરોવિયા

જીવિતવ્ય થકી ચૂકાવ્યા જૂદા કીધા અથવા માર્યા એ અભિહયા ઇત્યાદિકે કરીને જે એકેંદ્રિયાદિક જીવોની વિરાધના થઈ હોય.

તસ્સ મિચ્છામિ દુક્કડં ॥ ૭ ॥

તે સંબંધિ જે અતિચાર લાગ્યા તે દુષ્કૃત માહરું મિથ્યા એટલે નિષ્ફલ થાઓ. ૭

હવે એ આલોયા જે અતિચાર તેનું ઉત્તરીકરણ એટલે વિશેષ શુદ્ધિ કરવાને અર્થે કાઉસ્સગ્ગ કરવાને વાંછતો થકો તસ્સ ઉત્તરીનો પાઠ કહે તે કહે છે.

તસ્સ ઊત્તરી કરણેણં

તેનીજ વળી વિશેષ શુદ્ધિ કરવાને અર્થે જે કાંઇ આગળ કરવું તેને ઉત્તરી કરણ કહીયે.

હવે આગળ વિશેષ શુદ્ધિને અર્થે કાઉસ્સગ્ગ કરવો છે તેથી ઉત્તરી કરણ શું કરવે કરીને થાય તે કહે છે.

પાયચ્છિત્ત કરણેણં

શુદ્ધ પ્રાયશ્ચિત્ત કરવે કરીને થાય.

હવે તે પ્રાયશ્ચિત શું કરવે કરીને થાય તે કહે છે.

વિસોહી કરણેણં

વિશેષ શોધવું આત્માનો પાપરૂપ અંતર મળ ટાળવાથી નિર્મળતા કરવે કરીને થાય.

હવે વિશોધી કરણ પણ વિશલ્ય હોય તો થાય તે માટે કહે છે.

વિસલ્લી કરણેણં

માયાદિ ત્રણ શલ્ય જેના ગયા છે તેને વિશલ્ય કહીયે.

હવે એ ઉત્તરી કરણાદિક ચાર નિમિત્ત કરીને શું કરવું તે કહે છે.

પાવાણં કમ્માણં

પાપકર્મો જે છે તેને.

નિગ્ઘાયણઠ્ઠાએ

નિર્ધાતનાર્થે એટલે ઉચ્છેદ કરવાને અર્થે.

ઠામિ કાઊસ્સગ્ગં ॥ ૮ ॥

કાઉસ્સગ્ગ પ્રત્યે કરૂં છું. ૮

હવે એક ઠામે કાઉસ્સગ્ગ કરૂં એ એક પદ કરી એવી પ્રતિજ્ઞા કરી કે કાયાનો વ્યાપાર ન કરૂં તો હવે કોઇ પણ શરીરનો વ્યાપાર કર્યાથી પ્રતિજ્ઞાનો ભંગ થાય માટે "અન્નથ્થ ઊસસિએણં" આદિક આગાર મોકળા રાખવાથી કાઊસ્સગ્ગનો ભંગ ન થાય તે કહે છે.

॥ અથ અન્નથ્થ ઊસસિએણં ॥

અંન્નથ્થ ઊસસિએણં

એ ઊશ્વાસાદિક જે આગારો કહેશે તે આગારો વર્જીને અન્યત્ર બીજે સ્થાનકે કાયાનો વ્યાપાર કરવાનો નિયમ કરૂં છું. હવે આગાર કહે છે ઊંચો શ્વાસ લેવે કરી.

નીસસિએણં

નીચો શ્વાસ મૂકવે કરી.

ખાસિએણં

ખાંસી ઊધરસ આવે થકે.

છીએણં

છીંક આવે થકે.

જંભાઇએણં

બગાસું આવે થકે.

ઊડ્ડુએણં

ઊડકાર આવે થકે.

વાયનિસગ્ગેણં

અધોદ્વારે વાયુ નિકલવે કરી.

ભમલિએ

ભ્રમરી ચક્રી ફેર આવે થકે.

પિત્તમુચ્છાએ ॥ ૧ ॥

પિત્તને પ્રકોપે કરી મૂર્ચ્છા આવે થકે. ૧

સુહુમેહિં અંગ સંચાલેહિં.

સૂક્ષ્મ અંગનો સંચાર કરવે કરી.

સુહુમેહિં ખેલ સંચાલેહિં.

શરીર માંહે સૂક્ષ્મ શ્લેષ્મનો સંચાર થાવે કરી મુખના થૂંકનું ચળાવવું થાય કફનું ગળવું થાય.

સુહુમેહિં દિઠ્ઠિ સંચાલેહિં ॥ ૨ ॥

ચક્ષુને હલાવવા થકી સુક્ષ્મ દ્રષ્ટિનો સંચાર થવે કરી. ૨

એવમાઇએહિં આગારેહિં

એવમાદિક જે પૂર્વોક્ત બાર આગાર તે આદ દેઇને આદિ શબ્દ થકી બીજા પણ ચાર આગાર લેવા. એ સર્વ મલી શોલ આગારે કરી મહારો કાઊસ્સગ્ગ.

અભગ્ગો.

અભગ્ન સર્વથા અખંડિત.

અવિરાહિઓ.

અવિરાધ્યો થકો.

હુજ્જમે કાઉસ્સગ્ગો ॥ ૩ ॥

હોજો મ્હારો કાઉસ્સગ્ગ. ૩

હવે એ કાઊસ્સગ્ગ કેટલી વાર સુધી હોય તે કહે છે.

જાવઅરિહંતાણં ભગવંતાણં

જ્યાં લગે શ્રી અરિહંત ભગવંત પૂજ્ય તેને

નમુક્કારેણં.

નમસ્કાર સહિત એટલે નમો અરિહંતાણં એવો ઉચ્ચાર કરી.

નપારેમિ ॥ ૪ ॥

નહીં હું પારૂં કાઉસ્સગ્ગ સમાપ્ત ન કરૂં. ૪

તાવકાયં

ત્યાં લગે મ્હારી કાયાને.

ઠાણેણં.

એક સ્થાનકે સ્થિરપણે ઉભું રાખીને.

મોણેણં

મૌન પણું વચનને રૂંધવે કરીને.

ઝાણેણં

નવકારાદિકને વિષે એકાગ્ર ધ્યાન તેણે કરીને.

અપ્પાણં વોસિરામિ ॥ ૫ ॥

મ્હારા આત્મા પ્રત્યે વોસિરાવું છું. ૫

હવે નમો અરિહંતાણં કહી કાઉસ્સગ્ગ પાર્યા પછી લોગસ્સનો પાઠ કહેવો તે કહુ છે.—

॥ અથ લોગસ્સ ॥

લોગસ્સ ઉજ્જોઅગરે

લોકને વિષે ઉદ્યોતના કરનાર.

ધમ્મ તિથ્થયરે જિણે.

ધર્મ તીર્થના કરનાર એવા જિન.

અરિહંતે કિત્તઇસ્સં

કર્મરૂપ વૈરીને હણનાર એવા શ્રી અરિહંતનું હું કીર્ત્તન કરીશ.

હવે તે તીર્થંકરોની સંખ્યા કહે છે.

ચઉવીસંપિ કેવલી ॥ ૧ ॥

ઋષભાદિક ચોવીસ જિનનું તો નામોચ્ચારણ પૂર્વક કીર્તન કરીશ. અને અપિ શબ્દ થકી મહાવિદેહાદિક ક્ષેત્રોને વિષે છે તેનું પણ કીર્તન કરીશ. જેમને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે એવા ભાવ તીર્થંકરોનું કીર્તન કરીશ.

હવે ચોવીશે તીર્થંકરોના નામ કહે છે.

ઉસભ[૧] મજિયં[૨] ચ વંદે

પહેલા શ્રી ઋષભદેવ, બીજા શ્રી અજિતનાથને હું વાંદું છું વલી.

સંભવ[૩] મભિણંદણં[૪] ચ સુમઇં[૫] ચ.

ત્રીજા શ્રી સંભવનાથ, ચોથા શ્રી અભિનંદન વલી પાંચમા શ્રી સુમતિનાથ વલી.

પઉમપ્પહં[૬] સુપાસં[૭]

છઠ્ઠા શ્રી પદ્મપ્રભ, સાતમા શ્રી સુપાર્શ્વ.

જિણં ચ ચંદપ્પહં[૮] વંદે ॥૨॥

જિન એટલે રાગ દ્વેષ રહિત એવા આઠમા શ્રી ચંદ્રપ્રભને અહં કે૦ હું વાંદુછું ૨

સુવિહિં[૯] ચ પુપ્ફદંતં

નવમા શ્રી સુવિધિનાથ વળી એમનું બીજું નામ પુષ્પદંત છે તે પ્રત્યે.

સીઅલ[૧૦] સિજ્જંસ[૧૧] વાસુપુજ્જં[૧૨] ચ

દશમા શ્રી શીતલનાથ, અગીઆરમા શ્રી શ્રેયાંસનાથ, બારમાશ્રી વાસુપૂજ્ય પ્રત્યે વળી

વિમલ[૧૩] મણંતં[૧૪] ચ જિણં

તેરમા શ્રી વિમલનાથ, ચાૈદમાં શ્રી અનંતનાથ વળી કર્મશત્રુને જીંપનાર એવા.

ધમ્મં[૧૫] સંતિં[૧૬] ચ વંદામિ ॥૩॥

પનરમા શ્રી ધર્મનાથ (ચકે૦) વળી શોળમા શ્રી શાંતિનાથ પ્રત્યે હું વાંદું છું ૩.

કુંથું[૧૭] અરં[૧૮] ચ મલ્લિં[૧૯]

સત્તરમા શ્રી કુંથુનાથ, અઢારમા શ્રી અરનાથ વળી ઓગણીશમા શ્રી મલ્લિનાથ પ્રત્યે.

વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ.

વાંદુછું વીશમા શ્રીમુનિસુવ્રત, એકવીશમા શ્રી નમિજિન પ્રત્યે વલી.

વંદામિ રિટ્ઠનેમિં

હું વાંદું છું બાવીશમા શ્રી અરિષ્ટનેમિ પ્રત્યે.

પાસં તહ વદ્ધમાણં ચ ॥૪॥

ત્રેવીશમા શ્રી પાર્શ્વનાથ તથા ચોવીશમા શ્રી વદ્ધમાન સ્વામીને વાંદું છું. છેલ્લો ચકાર છે તે પાદપૂરણાર્થે છે. ૪

એવં મએ અભિથુઆ

એ પ્રકારે મ્હારે જીવે જે નામ પૂર્વક સંતવ્યા તે ચોવીશે પરમેશ્વર કહેવા છે તો કે

વિહુય રયમલા પહીણ જરમરણા.

टाळ्या छे कर्मरूप रज अने मल जेणे व-ली प्रक्षीण एटले अतिशय करीने क्षय क-र्या छे जरा अने मरण जेणे.

चउवीसंपि जिणवरा.

एवा जे चोवीशे.जिनवर अपि शब्द थकी बीजा पण जिनवर लेवा.

तित्थयरा मे पसीयंतु ॥५॥

ते तीर्थंकरो महारा उपर प्रसन्न थाओ ५.

कित्तिय वंदिय महिया

कित्ति छे इंद्रादिक कीर्त्ते छे स्तवे छे, वंदित एटले इंद्रादिक जेने वांदे छे, महि-त एटले इंद्रादिक जेने पुष्पादिके करी अ-र्च्यो छे.

जेए लोगस्स उत्तमा सिद्धा

एवा जे तीर्थंकर ज्ञान दृष्टिवंत ते प्र-त्यक्ष लोकने विषे उत्तम एवा श्रीसिद्ध भगवंत थया ते तमे सुजने.

आरुग्ग बोहिलाभं

आरोग्यता तथा बोधिलाभ ते श्री जि-

ન ધર્મની પ્રાપ્તિનો લાભ થવાને અર્થે.

સમાહિવરમુત્તમં દિંતુ. ॥૬॥

જ્ઞાનાદિક રત્નત્રયને વિષે પરમ સ્થિરતા રૂપ પ્રધાન સમાધિ ઉત્તમ તે અત્યંત ઊંચી આપો. ૬.

ચંદેસુ નિમ્મલયરા

ચંદ્ર સમુદાય થકી નિર્મલ તર એટલે અત્યંત નિર્મલ છે.

આઇચ્ચેસુ અહિયં પયાસયરા.

આદિત્ય તે સૂર્ય સમુદાય થકી પણ અધિક પ્રકાશના કરનાર છે.

સાગરવર ગંભીરા

પ્રધાન છેલ્લો સ્વયંભુરમણ નામા સમુદ્ર તેની પેરે ગુણે કરી ગંભીર છે.

સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥૭॥

એવા જે સિદ્ધ ભગવાન તે સિદ્ધિ એટલે મુક્તિ તે મુજને દ્યો આપો. ૭

॥ અથ કરેમિ ભંતે ॥

કરેમિ ભંતે સામાઇયં

હું કરૂં છું હે ભગવંત સમતા રૂપ સામાયિક પ્રત્યે.

સાવજ્જં જોગં પચ્ચખ્ખામિ

પાપ સહિત જે મન વચન અને કાયાના યોગ તે પ્રત્યે પચ્ચખ્ખું છું એટલે ત્યાગું છું તે કયાં સુધી તો કે.

જાવ નિયમં પજ્જુવાસામિ

જ્યાં સુધી સામાયિક વ્રતના નિયમ પ્રત્યે પર્યુપાસું એટલે સેવું રહું ત્યાં સુધી.

દુવિહં તિવિહેણં

કરવા કરાવવા રૂપ બે પ્રકારનો સાવદ્ય વ્યાપાર તે ત્રિવિધે કરી તે ત્રણ પ્રકારના નામ કહે છે.

મણેણં વાયાએ કાએણં

મને કરી વચને કરી કાયાએં કરી.

ન કરેમિ ન કારવેમિ

નહીં હું પોતે કરૂં હું બીજા પાસે ન કરાવું.

તસ્સ ભંતે પડિક્કમામિ.

તે અતિત કાલ સંબંધી જે પાપ તે પ્રત્યે. હે ભગવંત હું આપની સમીપ પડિક્કમું છું તે પાપથી નિવર્તું છું મિચ્છા દુક્કડ દેઉં છું.

નિંદામિ ગરિહામિ

આત્મા સાખે હું નિંદું છું ગુરૂની સાખે ગર્હું છું એટલે વિશેષ નિંદુ છું.

અપ્પાણં વોસિરામિ

મ્હારા આત્માને દુષ્ટ ક્રિયા થકી વોસિરાવું છું.

॥ અથ સામાયિક પારવાનું ॥

સામાઇઅ વયજુત્તો

સામાયિક વ્રતને વિષે સંયુક્ત હોય વલી.

જાવ મણે હોઇ નિયમ સંજુતો.

જ્યાં સુધી મન એટલે જીવ જે છે તે સાવદ્ય વ્યાપારના નિયમેં કરી યુક્ત હોય ત્યાં સુધી

છિન્નઇ અસુહં કમ્મં

અશુભ કર્મને છેદે.

સામાઇઅ જત્તિઆવારા ॥ ૧ ॥

જેટલી વાર સામાયિક કરે તેટલી વાર અશુભ કર્મ પ્રત્યે છેદે. ૧

સામાઇઅંમિ ઊ કએ

સામાયિક કરતી વખતે (તુકે૦) વલી.

સમણો ઇવ સાવઓ હવઇ જમ્હા.

(જમ્હા કે૦) જે કારણ માટે શ્રાવક જે છે તે સાધુ સમાન હોય.

એએણ કારણેણં

એણે કારણે.

બહુસો સામાઇઅં કુજ્જા ॥ ૨ ॥

ઘણીવાર સામાયિક પ્રત્યે જે તત્વના જાણ હોય તે કરે ૨.

સામાયિક વિધિં લીધું વિધિં પાર્યું

સામાયિક વ્રત વિધિ સહિત લીધું, વિધિ સહિત પાર્યું.

વિધિ કરતાં જે કોઇ અવિધિ હુઓ હોએ

વિધિ કરતાં કોઇ અવિધિ હુઓ હોય.
તે સવિ હું મન વચન કાયાયેં કરી
તે સર્વે હું મન વચન અને કાયાયેં કરી.
મિચ્છામિ દુક્કડં
દુષ્કૃતને હું મિથ્યા કરૂં. છું.

॥અથ શ્રીજગચિંતામણિ ચૈત્યવંદન॥

જગચિંતામણિ જગનાહ
જગ એટલે ભવ્ય જીવ તેના મનો વાંછિત પુરવા માટે ચિંતામણિ રત્ન સમાન છે વલી નિકટ ભવ્ય જીવો તેના નાથ છે.

જગગુરૂ જગ રખ્ખણ
વલી જગ એટલે સમસ્ત લોક તેમાં ગુરૂ એટલે મહોટા છે વળી જગ એટલે ષટ જીવનિકાય તેના રક્ષક છે.

જગ બંધવ જગ સથ્થવાહ
વલી જગતના સર્વ જીવોના મહોટા વિવેકવંત બાંધવ છે અને જગ એટલે મોક્ષાભિલાષી સાધુ પ્રમુખના જે સાર્થવાહ છે.

જગભાવ વિઅક્ખણુ

જગ એટલે ષટ દ્રવ્ય તથા જીવાદિક નવ પદાર્થોના રહસ્ય દર્શાવવાને વિષે વિચક્ષણ એટલે ડાહ્યા છે.

અટ્ઠાવય સંઠવિય રૂવ

અષ્ટાપદ પર્વતની ઊપર મહારાજે સ્થાપિત કર્યાં છે.

કમ્મટ્ઠ વિણાસણ

રૂપ એટલે બિંબ જેમના વળી જ્ઞાનાવરણાદિક આઠ કર્મનો જેણે વિનાશ કર્યોછે.

ચઊવિસંપિ જિણવર જયંતુ

એવા ચોવીશે જિનવર તે નિશ્ચય.

અપ્પડિહય સાસણ ॥૧॥

જયવંતા સર્વ ઊપરેં વર્ત્તો. જેમનું અપ્રતિહત એટલે કોઇથી હણાય રોકાય નહીં એવું શાસન એટલે શિક્ષા વચન રૂપ ઊપદેશ છે ॥૧॥

કમ્મભૂમિહિં કમ્મભૂમિહિં

અસિ મષી અને કૃષિ રૂપ કર્મ જિહાં

વર્તે છે એટલે એ ત્રણે કરીને જિહાં આ જીવિકા ચાલે છે તેને કર્મભૂમિકા કહીયેં તે કર્મ ભૂમિના પન્નર ક્ષેત્રને વિષે.

પઢમ સંઘયણિ

પ્રથમ સંઘયણ જે વજ્ર ઋષભ નારાચ તેના ધણી એવા.

ઊક્કોસય સત્તરિસય

ઊત્કૃષ્ટ પદે એકશોને સીત્તેરનો સમુદાય.

જિણવરાણ વિહરંત લબ્ભઈ

જિનવરો એટલે તીર્થંકરોનો સમુદાય વિચરતો લાભે.

નવકોડિહિં કેવલિણ

વલી નવકોડી કેવલ જ્ઞાની ભગવાન લાભે.

કોડિસહસ્સ નવ સાહુ ગમ્મઇ

તથા નવસહસ્ર કોટી સાધુ જિનાગમ થકી જાણીયેં અને

સંપઇ જિણવર વીસમુણિ

સંપ્રતિ તે વર્ત્તમાન કાલે સીમંધરસ્વામી પ્રમુખ વીશ જિનવર વિચરતા પામીયેં

અને મુનિ તે.

બિ-ક્કુ કોડિડિં વરનાણ

બે ક્રોડ પ્રધાન કેવલજ્ઞાનના ધરનાર એ-
વા કેવલી ભગવાન વિચરે છે.

સમણહ કોડિ સહસ દુઅ

વલી શ્રીમણ એટલે સાધુ મહારાજ બે
હજાર કોડિ વિચરે છે તે સર્વને.

થુણિજિઅ નિચ્ચ વિહાણિ ॥૨॥

થુણિયેં સ્તવીયેં નિત્ય પ્રભાતેં વિહાણુ
સર્યોદયેં નિરંતર સ્તવીયેં ॥૨॥

જયઊસામી જયઊસામી

જયવંતા વર્તો સ્વામી જયવંતા વર્તો સ્વામી

રિસહ સત્તુંજિ

સ્વામિ ઋષભદેવ તે મ શત્રુંજય તીર્થ
ઊપર જયવંતા વર્તો.

ઊજ્જિંત પહુ નેમિજિણ

અને શ્રી ગિરનારજી ઊપર પ્રભુ એટલે
સામર્થ્યવાલા એવા શ્રી નેમિ જિનેશ્વર સ્વા-
મિ જયવંતા વર્તો.

જયઉ વીર સચ્ચઉરિ મંડણ

વલી જયવંતા વર્ત્તો શ્રી મહાવીર સ્વામી તે સત્યપુરી એટલે સાચોર નગર તેના મંડણ એટલે આભૂષણ રૂપ.

ભરૂઅચ્છહિં મુણિસુવ્વય

શ્રી ભરૂચ નગરને વિષે, શ્રી મુનિસુવ્રત નાથ અને

મુહરિ પાસ દુહ દુરિઅ ખંડણ

મુહરિ ગામના નાયક શ્રી પાર્શ્વનાથ એ જિન પંચક કેવું છે તો કે દુઃખ અને દુરિત તેનું ખંડન કરનારૂં છે.

અવર વિદેહિં તિત્થયરા

અપર એટલે બીજા પાંચ મહાવિદેહને વિષે જે તીર્થંકર છે.

ચિહું દિસિ વિદિસિ જિંકેવિ

પૂર્વાદિ ચાર દિશાઓ અને અગ્નિ કોણાદિ ચાર વિદિશાઓ એ આઠને વિષે જે કોઇ પણ

તીઆણાગય સંપઇઅ

અતીતકાલ, અનાગત કાલ અને સંપ્રતિ જે વર્તમાન કાલ એ ત્રણ કાળ સંબંધિ

વંદુ જિણ સવ્વેવિ ॥ ૩ ॥

હું વાંદું છું તે સર્વે જિનેશ્વર પ્રત્યેં પણ ।૩।

હવે નિરંતર સ્મરણને અર્થે શાશ્વતા પ્રાસાદની સંખ્યા કહે છે.

સત્તાણુવઇ સહસ્સા

સત્તાણું હજાર.

લખ્ખા છપ્પન્ન અટ્ઠ કોડીઓ

લાખ છપ્પન્ન આઠ ક્રોડ.

બત્તીસ બાસિઆઇં (પાઠાંતરે)

બત્તીસય બાસિઆઇં

બત્રીજશેં ને બ્યાશી એટલે આઠક્રોડ છપ્પન્ન લાખ સત્તાણું હજાર બત્રીશશેં ને બ્યાસી એટલા.

તિઅલોએ ચેઇએ વંદે ॥ ૪ ॥

ત્રણ લોકને વિષે ચૈત્ય એટલે જિન પ્રાસાદ છે તે પ્રત્યે હું વાંદું છું ॥૪॥

હવે એ પૂર્વોક્ત પ્રાસાદોને વિષે એકંદર

પ્રતિમાની સંખ્યા કહે છે.

પનરસ કોડિ સયાઇં

પન્નરશેં ક્રોડ.

કોડિ બાયાલ લખ્ખ અડવન્ના

બેંતાલીશ ક્રોડ, અઠ્ઠાવન લાખ

છત્તીસ સહસ અસિઇં (પાઠાંતરે) અ-
સિઆઇ

છત્રીશ હજાર અને ઊપર એંસી (૧૫૪૨૫૮૩૬૦૮૦) એટલા.

સાસયબિંબાઇં પણમામિ ॥૫॥

શાશ્વતા જિનબિંબ છે તે સર્વે પ્રત્યેં હું પ્રણમું છું ॥૫॥

॥ અથ જંકિંચિ ॥

જંકિંચિ નામ તિથ્થં.

જે કાંઇ પરમેશ્વરના નામ રૂપ તિર્થ છે.

સગ્ગે પાયાલિ માણુસેલોએ

સ્વર્ગ એટલે ઉર્ધ્વ લોકને વિષે, પાતાલેં

એટલે અધોલોકને વિષે અને માણુસે લોકે એટલે તિર્ચ્છા લોકને વિષે.

જાઈં જિણ બિંબાઈં

જે જિન એટલે શ્રી તીર્થંકર ભગવાનના બિંબ છે.

તાઈં સવ્વાઈં વંદામિ ॥૧॥

તે સર્વ જિનબિંબ પ્રત્યે હું વાંદુંછું. ૧

॥ અથ નમુથ્થુણં ॥

નમુથ્થુણં

અહીં ણંકાર વાક્યાલંકારને અર્થે છે અને નમોસ્તુ એટલે નમસ્કાર હો.

અરિહંતાણં

શ્રી અરિહંતને.

ભગવંતાણં ॥૧॥

ભગવંતને. ૧

આઇગરાણં

દ્વાદશાંગીની આદિના કરનારને.

તિથ્થયરાણં

ચતુર્વિધ શ્રીસંઘ રૂપ તીર્થના કરનારને.

સયંસંબુદ્ધાણં ॥૨॥

પરોપદેશ વિના પોતાની મેલે સમ્યક્ પ્રકારે બોધ પામેલા છે તેમને. ૨

પુરિસુત્તમાણં

પુરૂષોને વિષે ઉત્તમ છે તેમને.

પુરિસ સીહાણં

પુરૂષોને વિષે સિંહ સમાન છે તેમને.

પુરિસવર પુંડરીયાણં

પુરૂષોને વિષે પ્રધાન પુંડરિક કમળ સમાન છે તેમને.

પુરિસવર ગંધહથ્થીણં ॥૩॥

પુરૂષોને વિષે પ્રધાન ગંધહસ્તિ સમાન છે તેમને. ૩

લોગુત્તમાણં

લોકને વિષે ઉત્તમ છે તેમને.

લોગનાહાણં

ભવ્ય લોકના નાથ છે તેમને.

લોગહિઆણં

લોકના હિતના કરનારં છે તેમને.

લોગપઇવાણં

લોકને વિષે પ્રદીપ સમાન છે તેમને.

લોગપજ્જોઅગરાણં ॥૪॥

લોકને વિષે પ્રકાશના કરનારને ૪.

અભયદયાણં

અભય પદના દેવાવાળાને.

ચખ્ખુદયાણં

સમ્યક્‌જ્ઞાન રૂપ ચક્ષુના દેવાવાળાને.

મગ્ગદયાણં

રત્નત્રય રૂપ મોક્ષ માર્ગના દેવાવાળાને.

સરણદયાણં

સરણના દાતારને.

બોહિદયાણં ॥૫॥

જિનધર્મની પ્રાપ્તિ રૂપ બોધિના દેવાવાળાને. ૫.

ધમ્મદયાણં

ધર્મના દેવાવાળાને.

ધમ્મ દેસિયાણં

ધર્મના ઉપદેશ કરનારને.

ધમ્મનાયગાણં

ધર્મના નાયકને.

ધમ્મસારહીણં

ધર્મરૂપ રથના સારથીને,

ધમ્મવર ચાઉરંત ચક્કવટ્ટીણં ॥૬॥

ચાર ગતિરૂપ સંસારના અંત કરવા વાળું ધર્મરૂપ ચક્ર તેણે કરી સહિત વર્ત્તે છે તેમને. ૬

અપ્પડિહંય વરનાણ દંસણ ધરાણં

અપ્રતિહત એટલે કોઇથી હણાય રોકાય નહી એવા પ્રધાન જ્ઞાન અને દર્શનના ધરનાર છે તેમને.

વિઅટ્ટ છઉમાણં ॥૭॥

વાત્યું છે છદ્મસ્થપણું એટલે કપટ શઠ

પણુ અથવા આવરણપણું જેનું તેમને. ૭

જિણાણં જાવયાણં

જિનને અને જીતાવનારને.

તિન્નાણં તારયાણં

પોતે સંસાર સમુદ્ર થકી તર્યા છે અને ભવ્ય જીવોને તારનાર છે તેમને.

બુદ્ધાણં બોહયાણં

પોતે તત્વના જાણ થયા છે તેમને અને ભવ્ય જીવોને સ્વપરસ્વરૂપનો બોધ કરાવનાર છે તેમને.

મુત્તાણં મોઅગાણં ॥૮॥

પોતે કર્મ થકી મુકાણા છે અને ભવ્યજીવોને કર્મ થકી મુકાવનાર છે તેમને. ૮

સવ્વન્નૂણં સવ્વદરિસિણં

સર્વજ્ઞને, સર્વ દર્શિને.

સિવ મયલ મરૂઅ

સર્વોપદ્રવ રહિત, અચલ, અરૂજ એટલે રોગ રહિત.

મણંત મક્ખય મવ્વાબાહ

જ્ઞાનાદિક અનંત ચતુષ્ટથી, અક્ષય, અ-
વ્યાબાધ એટલે બાધા પીડા રહિત.

મપુણરાવિત્તિ

જે ગતિ થકી ફરી સંસારમાં પાછું આ-
વવું નથી તે અપુનરાવર્ત્તિ કહીયે એવી.

સિદ્ધિગઇ નામધેયં

સિદ્ધિ ગતિ છે નામ જેનું, એ સિવ મ-
યલથી માંડીને સાત વિશેષણ સહિત એવું

ઠાણં સંપત્તાણં

સ્થાનક પ્રત્યે પામ્યા છે તેમને.

ણમો જિણાણં

નમસ્કાર થાઓ, તે કહેવા છે રાગાદિકને
જીપનાર છે.

જીયભયાણં ॥૯॥

સાત ભયના જીતનાર છે. ૯

જેઅ અઇઆ સિદ્ધા

જે અતિત કાલને વિષે સિદ્ધ થયા-મોક્ષ
પહોતા છે તથા

જેઅ ભવિસ્સંતિણાગએકાલે

જે જિન અનાગત કાલને વિષે જે સિદ્ધ પર્યાય પામશે તથા

સંપઇઅ વટ્ટમાણા

સાંપ્રત વર્તમાન કાલે જે તીર્થંકર જયવંતા વર્તે છે તેને વર્તમાન કહીયે

સવ્વેતિવિહેણવંદામિ ॥૧૦॥

તે સર્વ જિન પ્રત્યે મન વચન કાયાયેં કરી ત્રિવિધેં હું વાંદુ છું. ૧૦ ઇતિ.

॥ અથ જાવંતિ ચેઇઆઇં ॥

જાવંતિ ચેઇઆઇં

જેટલી જિન પ્રતિમા છે.

ઉદ્દે અ અહે અ તિરિઅ લોએ અ.

ઊર્દ્ધ્વ લોકને વિષે વળી અધો લોકને વિષે વળી તીર્છા લોકને વિષે

સવ્વાઇં તાઇં વંદે

તે સર્વ પ્રત્યે હું વાંદું છું. તે કહેવો થકો વાંદું છું તો કે

ઇહિ સંતો તત્થ સંતાઇં ॥૧॥ ઇતિ

હું અહિં રહ્યો થકો અને ત્યાં ત્રણ લોકમાંહે જે પ્રતિમાઓ છે તે પ્રત્યે. ૧

॥ અથ જાવંત કેવિસાહુ ॥

જાવંત કેવિ સાહુ

જેટલા કોઇ પણ સાધુ છે.

ભરહેરવય મહાવિદેહે અ

પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહ એ પંદર ક્ષેત્રમાં.

સવ્વેસિં તેસિં પણઓ

તે સર્વ સાધુ પ્રત્યે મહારો નમસ્કાર થાઓ. તે સાધુ કહેવા છે તો કે.

તિવિહેણ તિદંડ વિરયાણં ॥૧॥

મન, વચન અને કાયાએ, ત્રિવિધે કરી અશુભ મન, વચન અને કાયા રૂપ ત્રણ દંડ થકી નિરમ્યા છે એવા છે. ૧

॥ અથ નમસ્કાર ॥

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ

નમસ્કાર થાઓ અરિહંત ભગવાનને, સિદ્ધ ભગવાનને, આચાર્ય ભગવાનને, ઉપાધ્યાયજીને, સર્વ સાધુને.

॥ અથ ઉવસગ્ગહરં ॥

ઉવસગ્ગહરં પાસં

ઉપસર્ગનો હરનાર એવો પાર્શ્વનામા યક્ષ છે સેવક જેનો

પાસં વંદામિ કમ્મ ઘણ મુક્કં ॥

એવા શ્રી પાર્શ્વનાથ સ્વામીને હું વાંદું છું. એ પ્રભુ કર્મના સમુહ થકી મુક્ત છે.

વિસહરવિસનિન્નાસં

વળી વિષધર જે સર્પ તેના વિષનું નિનાશ એટલે અતિશયેં કરીને નાશ કરનાર છે.

મંગલ કલ્લાણ આવાસં ॥ ૧ ॥

મંગલ અને કલ્યાણનું ઘર છે. ૧

વિસહર ફુલિંગમંતં

વિષધર સ્ફુલિંગ નામા મંત્ર

કંઠે ધારેઇ જો સયા મણુઓ ॥

તેને જે કોઇ મનુષ્ય સર્વદા કંઠને વિષે ધરે–સ્મરે

તસ્સ ગહ રોગ મારી

તેના ગ્રહ, રોગ અને મરકી ઉપદ્રવ.

દુટ્ઠજરા જંતિ ઉવસામં ॥ ૨ ॥

દુષ્ટ શત્રુ આદિક તે ઉપશમ પ્રત્યે જંતિ એટલે પામે. ૨

ચિટ્ઠઉ દૂરે મંતો

તમારો મંત્ર તો દૂર રહો.

તુજ પણામોવિ બહુ ફલો હોઇ ॥

તમોને પ્રણામ કરવો તે પણ ઘણા ફલ-નો આપનાર છે.

નર તિરિએસુવિ જીવા

મનુષ્ય અને તિર્યંચને વિષે પણ તમોને પ્રણામના કરનાર જીવ

પાવંતિ ન દુખ્ખ દોગચ્ચં ॥ ૩ ॥
ન પામે દુઃખ અને દારિદ્ર પ્રત્યે. ૩

તુહ સમ્મત્તે લદ્ધે
તમારા સમ્યકત્વ દર્શનને પામે છતે, તે કેવું છે–

ચિંતામણિ કપ્પપાય વબ્ભહિએ ॥
ચિંતામણિ રત્ન અને કલ્પપાદપથી અધિક એવું સમકિત પામે છતે

પાવંતિ અવિગ્ઘેણં
વિઘ્ન રહિત પણે પામે તે કોણ પામે અને શું પામે તે કહે છે.

જીવા અયરામરં ઠાણં ॥૪॥
તે સમકિતિ જીવ અજરામર સ્થાનક પ્રત્યે ૪

ઇઅ સંથુઓ મહાયસ
એ પ્રકારે કરી તુજને સંસ્તવ્યો હે મહાયશ

ભત્તિબ્ભર નિબ્ભરેણ હિઅએણ ॥
ભક્તિના સમુદાયે કરી પરિપૂર્ણ ભર્યું એવું હૃદય એટલે ચિત્ત તેણે કરીને તમારા સેવકે સ્તવ્યો.

તા દેવ દિજ્જ બોહિં

તે કારણ માટે હે દેવ આપો બોધિ તે શ્રીજિનધર્મની પ્રાપ્તિ પ્રત્યે

ભવે ભવે પાસ જિણચંદ ॥ ૫ ॥

જન્મ જન્મને વિષે આપો હે શ્રી પાર્શ્વ જિન ચંદ્ર. ૫ ઇતિ

॥ અથ જયવીયરાય ॥

જયવીયરાય જગગુરૂ

જયવંતા વર્ત્તો હે શ્રી વીતરાગ! હે જગત્રયના ગુરૂ!

હોઉ મમં તુહ પભાવઓ ભયવં

થાઓ મ્હારે તમારા પ્રભાવ થકી હે ભગવન્!

ભવ નિવ્વેઓ મગ્ગા

ભવ નિર્વેદ તે સંસારથી ઉદાસપણું થાઓ, બીજું માર્ગા

ણુસારિયા ઇટ્ઠફલસિદ્ધિ ॥ ૧ ॥

નુસારિપણું થાઓ, ત્રીજું વાંછિત ફલની સિદ્ધિ થાઓ. ૧

લોગ વિરૂદ્ધચ્ચાઓ

ચોથું લોક વિરૂદ્ધ કાર્યનો ત્યાગ થાઓ

ગુરૂજણપૂઆ પરથ્થ કરણં ચ ॥

પાંચમું માતાપિતાદિક તથા ધર્મના દાતાર જે સદ્ગુરૂ ઇત્યાદિ મહોટા જનોની પુજા ભક્તિ કરવી થાઓ છઠું પરનું અર્થ તે પરોપકાર કરવો તે મહારે થાઓ.

સહગુરૂજોગો તવ્વયણ

સાતમો શુભ ગુરૂનો યોગ તે સમાગમ મહારે થાઓ. આઠમો તદ્વચનં એટલે તેહિ સદ્ગુરૂના વચનની

સેવણા આભવમખંડા ॥ ૨ ॥

સેવા થાઓ તે જ્યાં સુધી મહારે આ સંસાર છે ત્યાંસુધી અખંડ થાઓ. ૨

વારિજ્જઇ જઇવિ નિઆણ

વાર્યું છે યદ્યપિ નિયાણાનું

બંધણ વીઅરાય તુહસમયે

બાંધતું હે શ્રી વીતરાગ તમારા સિદ્ધાંત-
ને વિષે.

તહવિ મમ હુજ્જ સેવા

તથાપિ મ્હારે હોજો સેવા

ભવેભવે તુમ્હ ચલણાણં ॥ ૩ ॥

ભવ ભવને વિષે તમારા ચરણોની સેવા
હોજો. ૩ એ નીયાણું કરૂં છું.

દુખ્ખખ્ખઓ કમ્મખ્ખઓ

એક શરીર અને મન સબંધિ દુઃખનો
ક્ષય, બીજો આઠ કર્મનો ક્ષય

સમાહિ મરણંચ બોહિલાભો અ

ત્રીજો સમાધિ મરણ વળી ચોથો બોધિ
બીજનો લાભ

સંપજ્જઉ મહ એઅં

થાઓ મ્હારે એ પૂર્વોક્ત ચાર બોલ તે

તુહ નાહ પણામ કરણેણં ॥ ૪ ॥

તુમ નાથ પ્રત્યે પ્રણામ કરવે કરીને પૂર્વે
કહેલી ચાર બાબતો મને હોજો. ૪

સર્વ મંગલ માંગલ્યં

સર્વ મંગલ માંહે માંગલિક છે

સર્વ કલ્યાણ કારણં ॥

સર્વ કલ્યાણનું કારણ છે.

પ્રધાનં સર્વ ધર્માણાં

સર્વ ધર્મોના મધ્યમાં પ્રધાન છે એવું

જૈનં જયતિ શાસનં ॥ ૫ ॥

જૈનશાસન તે જયવંતુ વર્તે છે. ૫

॥ અથ અરિહંત ચેઇઆણં ॥

અરિહંત ચેઇઆણં

અરિહંતની પ્રતિમાને વંદનાદિ કરવાને અર્થે

કરેમિ કાઉસ્સગ્ગં ॥ ૧ ॥

કરૂં છું હું કાર્યોત્સર્ગ. ૧

વંદણ વત્તિઆએ

શ્રીજિન પ્રતિમાને વાંદવાથી જે પુણ્યરૂપ ફલ થાય તેને અર્થે

પૂઅણ વત્તિઆએ

પૂજવાથી ફૂલ થાય તે ફૂલને અર્થે

સક્કાર વત્તિઆએ

સત્કાર કરવાથી જે ફૂલ થાય તે ફૂલને અર્થે

સમ્માણ વત્તિઆએ

સન્માન કરવાથી જે ફૂલ થાય તે ફૂલને અર્થે.

એ વંદનાદિ ફૂલની પ્રાર્થના શા વાસ્તે કરવી તે કહે છે:

બોહિલાભ વત્તિઆએ

બોધિ બીજના લાભને અર્થે

બોધિ બીજની પ્રાર્થના શા વાસ્તે કરવી તે કહે છે.

નિરૂવસગ્ગ વત્તિઆએ ॥ ૨ ॥

જન્મ જરા અને મરણાદિ ઊપસર્ગોથી રહિત એવું મોક્ષ રૂપ સ્થાનક પામવાને અર્થે. ૨

હવે જેણે કરી એ કાઊસ્સગ્ગ સફલ થાય તે કહે છે.

સદ્ધાએ મેહાએ

શ્રદ્ધાયે કરી, મેધાયેં કરી, એટલે નિર્મલ બુદ્ધિયેં કરી કાઊસ્સગ્ગ કરૂં.

ધીઇએ ધારણાએ

ધૃતિ તે ચિત્તની સ્થિરતાયેં કરી ધારણાયેં કરી એટલે ભગવાનના ગુણ ધારતો થકો કાઊસ્સગ્ગ કરૂં.

અણુપ્પેહાએ વદ્ધમાણિએ

અનુપ્રેક્ષા તે ભગવાનના ગુણને વારંવાર ચિંતવતો થકો, વૃદ્ધિને પામતા એવા શ્રદ્ધાદિક પાંચે બોલ તેણે કરી સહિત થકો.

ઠામિ કાઊસ્સગ્ગં ॥ ૩ ॥

કરૂં છું હું કાઊસ્સગ્ગ પ્રત્યેં. ૩

॥ અથ સામાયિક લેવાની વિધિ ॥

પ્રથમ ઊંચે આસને પુસ્તક પ્રમુખ મુકીને શ્રાવક શ્રાવિકા કટાસણુ, મુહપત્તી, ચરવલો લેઇ, શુદ્ધ વસ્ત્ર, જગ્યા પૂંજી, કટાસણા ઊપર બેસી, મુહપત્તી ડાબા હાથમાં મુખ પાસેં રાખી, જમણા હાથ થાપના-

જી સન્મુખ રાખી, એક નવકાર ગણી, પં- ચિંદિઅ કહીયેં. અને જો આગળથી તે સ્થાનકે આચાર્ય પ્રમુખની સ્થાપના કરેલી હોય, તો તિહાં પંચિંદિય ન કહેવી, પછી ઇચ્છામિ ખમાસમણ દેઇ, ઇરિયા વહિયા તથા તસ્સઊત્તરી અને અન્નથ્થ ઊસસી- એણં કહી, એક લોગસ્સનો અથવા ચાર નવકારનો કાઊસ્સગ્ગ કરી પારી, પ્રગટ લોગસ્સ કહી, ખમાસમણ દેઇ, "ઇચ્છા કારેણ સંદિસહ ભગવન્ સામાયિક મુ- હપત્તી પડિલેહું ॥ ઇચ્છં" એમ કહી, મુ હપત્તી તથા અંગની પડિલેહણના પચ્ચાસ બોલ કહી, મુહપત્તી પડિલેહીયેં પછી ખમાસમણ દેઇ, "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન સામાયિક સંદિસાહું ॥ ઇચ્છં" કહી ખમા० ॥ ઇચ્છા० ॥ સામાયિક ઠાઊં ઇચ્છં એમ કહી બે હાથ જોડી, એક ન- વકાર ગણી, ઇચ્છાકારી ભગવન્ પસાય કરી, સામાયિક દંડક ઊચ્ચરાવોજી. તેવારે વડિલ, કરેમિભંતે કહે. પછી ખમાસમણ દેઇ ઇચ્છા० ॥ બેસણે સંદિસાહું ॥ ઇચ્છં

॥ ખમા૦ ॥ ઇચ્છા૦ ॥ બેસણું ઠાઉં ॥ ઇચ્છં ॥ ખમા૦ ઇચ્છા૦ ॥ સજ્ઝાય સંદિસાહું ॥ ઇચ્છં ॥ ખમા૦ ॥ ઇચ્છા૦ ॥ સજ્ઝાય કરૂં ॥ ઇચ્છં ॥ કહી ત્રણ નવકાર ગણવા પછી બે ઘડી સજ્ઝાય ધર્મ ધ્યાન કરવું. ઇતિ.

॥ અથ સામાયિકં પારવાની વિધિ ॥

ખમાસમણ દેઇ ઇરિયાવહિ પડિક્કમવાથી યાવત્ લોગસ્સ સુધી કહી ॥ ખમા૦ ॥ ઇચ્છા૦ ॥ મુહપત્તી પડીલેહુ કહી ॥ મુહપતી પડિલેહી, ખમાસમણ દેઇ ઇચ્છા૦ સામાયિક પારૂં ॥ યથાશક્તિ ॥ વલી ખમા૦ ઇચ્છા૦ સામાયિક પાર્યું ॥ તહત્તિ કહી પછી જમણો હાથ ચરવલા ઉપર અથવા કટાસણા ઊપર થાપી એક નવકાર ગણી "સામાઇય વયજુત્તો" કહિયે ॥ પછી જમણો હાથ થાપના સામો સવલો રાખીને એક નવકાર ગણી ઊઠવું ॥ ઇતિ સામાયિક પારવાનો વિધિ

॥ અથ ચૈત્યવંદન કરવાની વિધિ ॥

પ્રથમ ત્રણ ખમાસમણા દેઇને પછી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈયવંદન કરૂં ઇચ્છં ॥ પછી ચૈત્યવંદન, જંકિંચિ પછી બે હાથ જોડી નાસિકા સુધી ઊંચા રાખી નમુથ્થુણં કહેવું. જાવંતિ ચેઇઆઇં, ખમાસમણું દેઇ, જાવંત કેવિ સાહૂ. પછી નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્ય પછી સ્તવન કહેવું. પછી બે હાથ જોડી માથા સુધી ઊંચા રાખી આભવમખંડા સુધી જયવીયરાય કહેવા. તે કહી હાથ જરા નીચા ઊતારી બધા જયવીયરાય પૂરા કરવા. પછી ઊભા થઇ અરિહંત ચેઇઆણં, કરેમિ કાઊસ્સગ્ગં, અન્નથ્થ ઊસસિએણં કહી કાઊસ્સગ્ગ એક નવકારનો કરી પછી નમો અરિહંતાણં, નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ કહી એક થોય કહેવી ॥ ઇતિ ॥

॥ અથ સામાયિકના બત્રીશ દોષ પ્રારંભઃ ॥

॥ તિહાં પ્રથમ મનના દશ દોષ ॥

૧ અવિવેક દોષ તે શૌસ્રો સમજ્યા વિના સામાયિક કરે.

૨ યશ વાંછા દોષ તે સામાયિક કરીને યશ કીર્ત્તિની ઇચ્છા કરે.

૩ ધનવાંછા દોષ તે સામાયિકના પાસાયથી મને ધન મળે.

૪ ગર્વદોષ તે મહારા જેવો સામાયિક બીજો કોણ કરશે ?

૫ ભયદોષ તે સામાયિક નહીં કરીશ તો લોક નિંદા કરશે.

૬ નિદાન દોષ તે સામાયિક કરીને ધનાદિક પામવાનું નિયાણું કરે.

૭ સંશય દોષ તે સામાયિક તો કરૂં છું પણ આગળ એનું ફળ થશે કે નહીં થાય?

૮ કષાય દોષ તે કષાય ભર્યું સામાયિક કરે. વૈરી દેખી રીશ કરે.

૯ અવિનય દોષ તે ગુરૂનો અથવા થાપનાચાર્યનો વિનય ન કરે.

૧૦ અબહુમાન દોષ તે ભક્તિ ભાવથી સામાયિક ન કરે.

હવે વચનના દશ દોષ કહેછે.

૧ કુત્સિત દોષ તે સામાયિક લઇને કુવચન બોલે.

૨ સહસાતકાર દોષ તે સામાયિક કરતાં ઊપયોગ દીધા વિના અવિચાર્યું બોલે.

૩ અસદારોપણ દોષ તે સામાયિકમાં કોઇની ઊપર ખોટું તોહમત આપે.

૪ નિરપેક્ષવાક્ય દોષ તે સામાયિક કરતાં શાસ્ત્રની અપેક્ષા વિના પોતાને છંદે બોલે.

૫ સક્ષેપ દોષ તે સામાયિકમાં સૂત્રપાઠ બચન સંક્ષેપ કરી બોલે.

૬ કલહકર્મ દોષ તે સામાયિકમાં સાધર્મિ સાથે કલેશ કરે.

૭ વિકથા દોષ તે સામાયિકમાં રાજાદિક વગેરેની ચારે વિકથા કરે.

૮ હાસ્ય દોષ તે સામાયિકમાં કોઇની મશ્કરી કરે.

૯ અશુદ્ધપાઠ દોષ તે સામાયિકમાં સૂત્રાના પાઠનો ઊચ્ચાર અશુદ્ધ કરે.

૧૦ મુણામુણ દોષ તે સામાયિકમાં ઊતાવલે પાઠનો ઊચ્ચાર કરે.

હવે કાયાના બાર દોષ કહેછે.

૧ આસન દોષ તે સામાયિકમાં પગ ઊપર પગ ચઢાવીને ઊંચે આસને પલાંઠી વાળી બેસે.

૨ ચળાસન દોષ તે સામાયિકમાં આસન ફરાવે ચપળતા રાખે.

૩ ચલદ્રષ્ટી દોષ તે સામાયિકમાં ચલમૃગની પરે ચારે દિશાયેં નેત્રો ફેરવે.

૪ સાવદ્યક્રિયા દોષ તે સામાયિકમાં કાયાયેં કરી કાંઇક સાવદ્ય ક્રિયાની સંજ્ઞા કરે.

૫ આલંબન દોષ તે સામાયિકમાં થાંભલાને પીઠ લગાડી બેસે.

૬ આકુંચન પ્રસારણ દોષ તે સામાયિક લઇને નકામો કારણ વિના હાથ પગ સંકોચે લાંબા કરે.

૭ આલસ્ય દોષ તે સામયિકમાં આલસ્ય મોડે, ટાચકા ફોડે, કરડા કરે, કમ્મર વાંકી કરે.

૮ મોટન દોષ તે સામાયિકમાં અંગુલી પ્રમુખને વાંકી કરીને કરડકા ફોડે.

૯ મલસ્થ દોષ તે અંગમાં ખસ થયેલી હોય તેને વલૂરે.

૧૦ વિમાસણ દોષ તે સામાયિકમાં હાથનો ટેકો આપે, ગલે હાથ દેઇને બેસે.

૧૧ નિદ્રા દોષ તે સામાયિકમાં બેઠાં નિદ્રા કરે.

૧૨ સામાયિકમાં ટાઢ પ્રમુખને લીધે સમસ્ત અંગે સારી પેઠેં વસ્ત્ર ઓઢે.

એ બત્રીશ દોષ સામાયિકમાં ટાલવાનો અવશ્ય ખપ કરવો.

॥ श्री रत्नाकर पच्चीशी ॥

શ્રેયઃ શ્રિયાં મંગળકેલિ સદ્મ,
નરેંદ્ર દેવેંદ્ર નતાંહ્રી પદ્મ;
સર્વજ્ઞ સર્વાતિશય પ્રધાન,
ચિરંજય જ્ઞાનકલા નિધાન. ॥ ૧ ॥
જગત્રયાધાર કૃપાવતાર,
દુર્વાર સંસાર વિકાર વૈદ્ય;
શ્રીવીતરાગ ત્વયિ મુગ્ધ ભાવા,
દ્વિજ્ઞપ્રભો વિજ્ઞપયામિ કિંચિત્. ॥ ૨ ॥

કિંબાલ લીલા કલિતો ન બાલ,
પિત્રોઃપુરો જલ્પતિ નિર્વિકલ્પ;
તથા યથાર્થં કથયામિ નાથ,
નિજાશયં સાનુશયસ્તવાગ્રે. ॥ ૩ ॥
દત્તં નદાનં પરિશીલિતચ્ચ,
ન શાલિશીલં ન તપોભિતસં;
શુભો ન ભાવોપ્યભવદ્ભવેસ્મિન્,
વિભો મયા ભ્રાંતમહો મુધૈવ. ॥ ૪ ॥
દગ્ધોગ્નિના ક્રોધમયેન દષ્ટો,
દુષ્ટેન લાભાખ્ય મહોરગેણ;
ગ્રસ્તોભિમાનાજગરેણ માયા,
જાલેન બદ્ધોસ્મિ કથંભજે ત્વાં. ॥૫॥
કૃતમયામુત્રહિતં નચેહ,
લોકેપિ લોકેશ સુખં નમે ભૂત્;
અસ્માદ્રશાં કેવલમેવ જન્મ,
જિનેશ જજ્ઞે ભવ પૂરણાય. ॥૬॥
મન્યે મનોયન્ન મનોજ્ઞ વૃત્તં,
ત્વદાસ્ય પીયૂષ મયુખલાભાત્;
દ્રુતં મહાનંદ રસં કઠોર,
મસ્માદ્રશાં દેવતદશ્મતોપિ. ॥૭॥

ત્વત્તઃ સુદુઃપ્રાપ્યમિદં મયાપ્તં,
રત્નત્રયં ભૂરિ ભવ ભ્રમેણ;
પ્રમાદ નિદ્રા વશતો ગતં,
તત્કસ્યાગ્રતો નાયક પુત્કરોમિ. ॥૮॥
વૈરાગ્ય રંગો પરવંચનાય,
ધર્મોપદેશો જનરંજનાય;
વાદાય વિદ્યાધ્યયનંચમે ભૂત્,
કિયદ્‌બ્રુવે હાસ્યકરં સ્વમીશ ॥૯॥
પરાપવાદેન મુખં સદોષં,
નેત્રં પરસ્ત્રીજનવીક્ષણેન;
ચેતઃ પરાપાય વિચિંતનેન,
કૃતં ભવિષ્યામિ કથં વિભોહં ॥૧૦॥
વિડંબિતં યત્સ્મર ઘસ્મરાર્ત,
દશા વશાત્સ્વં વિષયાંધલેન;
પ્રકાશિતં તદ્‌ભવતો હ્રિયૈવ,
સર્વજ્ઞ સર્વં સ્વયમેવ વેત્સિ ॥૧૧॥
ધ્વસ્તોન્યમંત્રૈઃ પરમેષ્ઠિ મંત્ર,
કુશાસ્ત્ર વાક્યૈર્નિહતાગમોક્તિઃ;
કર્તું વૃથા કર્મ કુદેવ સંગા,
દવાંછિહિ નાથ મતિ ભ્રમો મે ॥૧૨॥
વિમુચ્ય દ્દગ્લક્ષ્ય ગતં ભવંતં,

ધ્યાતા માયા મૂઢ ધિયા હૃદંતં;
કટાક્ષ વક્ષોજગભીર નાભી,
કટીતટીયાઃ સુદશાં વિલાસા ॥૧૩॥
લોલેક્ષણા વક્ત્ર નિરિક્ષણેન,
યો માનસે રાગલવો વિલગ્નઃ;
ન શુદ્ધ સિદ્ધાંત પયોધિ મધ્યે,
ધૈતોપ્યગાત્તારક કારણં કિં. ॥૧૪॥
અંગં ન ચંગં ન ગણો ગુણાનાં,
ન નિર્મલઃ કોપિ કલા વિલાસઃ;
સ્ફુરત્પ્રભા ન પ્રભુતા ચ કાપિ,
તથાપ્યહંકારકદર્થિતોહં ॥૧૫॥
ગતં, આયુર્ગલત્યાશુ, ન પાપબુદ્ધિ
વયો નો વિષયાભિલાષઃ
યત્નશ્ચ ભૈષજ્ય વિધૌ ન ધર્મે,
સ્વામિન્મહામોહ વિડંબના મે.॥૧૬॥
નાત્મા ન પુણ્યં ન ભવો ન પાપં,
મયા વિટાનાં કટુગીરપીયં,
અધારિ કર્ણે ત્વયિ કેવલાર્કે,
પરિસ્ફુટે સત્યપિ દેવ ધિગ્માં ॥૧૭॥
ન દેવપૂજા ન ચ પાત્રપૂજા,

ન શ્રાદ્ધ ધર્મશ્ચ ન સાધુધર્મં;
લબ્ધ્વાપિ માનુષ્યમિદં સમસ્તં,
કૃતં મયારણ્ય વિલાપ તુલ્યં ॥૧૮॥
ચક્રે મયાઽસત્સ્વપિ કામધેનુ,
કલ્પદ્રુચિંતામણિષુ સ્પૃહાર્તિઃ;
ન જૈનધર્મે સ્ફુટશર્મદે ઽપિ,
જિનેશ મે પશ્ય વિમૂઢભાવં. ॥૧૯॥
સદ્ભોગલીલા ન ચ રોગકીલા,
ધનાગમો નો નિધનાગમશ્ચ;
દારા ન કારા નરકસ્ય ચિત્તે,
વ્યચિંતિ નિત્યં મયકાધમેન. ॥૨૦॥
સ્થિતં ન સાધોર્હૃદિ સાધુવૃત્તા,
ત્પરોપકારાન્ન યશોર્જિતં ચ;
કૃતં ન તીર્થોદ્ધરણાદિ કૃત્યં.
મયા મુધા હારિતમેવ જન્મ ॥૨૧॥
વૈરાગ્યરંગો ન ગુરુદિતેષુ.
ન દુર્જનાનાં વચનેષુ શાંતિઃ;
નાધ્યાત્મલેશો મમ કોપિ દેવ,
તાર્યઃ કથંકારમયં ભવાબ્ધિઃ ॥૨૨॥
પૂર્વે ભવે કારિ મયા ન પુણ્ય,
માગામિજન્મન્યપિ નો કરિષ્યે;

યદીદૃશોહં મમ તેન નષ્ટા,
ભૂતોદ્ભવદ્ભાવિ ભવત્રયીશ: ॥૨૩॥
કિંવા મુધાહં બહુધા સુધા ભુક્,
પૂજ્ય ત્વદગ્રે ચરિતં સ્વકીયં;
જલ્પામિ યસ્માત્ ત્રિજગત્સ્વરૂપ,
નિરૂપકસ્ત્વં કિયદેતદત્ર.   ॥૨૪॥
દીનોદ્ધારધુરંધર સ્ત્વદપરો નાસ્તે મદન્યત્કૃપા,
પાત્રં નાત્ર જને જિનેશ્વર તથાપ્યેતાં ન યાચેશ્રિયં,
કિં ત્વર્હન્નિદમેવ કેવલ મહો સદ્બોધિરત્નં શિવં;
શ્રીરત્નાકરમંગલૈકનિલય:શ્રેયસ્કરં પ્રાર્થયે. ૨૫

ઇતિ રત્નાકર પચ્ચીશી સમાપ્ત:

॥ શ્રી પરમાત્માનું ચૈત્યવંદન ॥

પરમેશ્વર પરમાતમા, પાવન પરમિટ્ઠ,
જય જગગુરૂ દેવાધિદેવ, નયણે મેં દીઠ. ૧
અચલ અકલ અવિકાર સાર, કરૂણા રસ સિંધુ,
જગતિજન આધાર એક, નિ:કારણ બંધુ. ૨
ગુણ અનંત પ્રભુ તાહરાએ, કિમહી કહ્યા ન જાય,

શામપ્રભુ જિન ધ્યાનથી, ચિદાનંદ સુખ થાય.

॥ श्री जिन नव अंग पुजाना दोहा ॥

જલ ભરી સંપુટ પત્રમાં, યુગલિક નર પૂજંત, રૂષભ ચરણ અંગુઠડો, દાયક ભવજલ અંત ॥૧॥ જાનુબલે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશવિદેશ, ખડાં ખડાં કેવલ લહ્યું, પૂજો જાનુ નરેશ ॥૨॥ લોકાંતિક વચને કરી, વરશ્યા વરશી દાન, કરકાંડે પ્રભુ પુજના; પૂજો ભવિ બહુમાન ॥૩॥ માન ગયો દોય અંશથી, દેખી વિરજ અનંત, ભુજા બળે ભવજળ તર્યા, પૂજો ખંધ મહંત ॥૪॥ સિદ્ધ શિલા ગુણ ઊજવલી, લોકાંતે ભગવંત, વસીયા તેણ કારણ ભવિ. શિર શિખા પૂજંત ॥૫॥ તીર્થંકર પદ પુન્યથી, ત્રિભુવન જન સેવંત, ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાલતિલક જયવંત ॥૬॥ સોલપહોર પ્રભુ દેશના, કંઠે વિવર વર્તુલ, મધુર ધ્વનિ સુરનર સુણે, તેણ ગલે તિલક અમૂલ ॥૭॥ હૃદય કમલ ઉપશમ

બળે, બાળ્યા રાગને રોષ, હિમ દહે વ-
નખંડને, હૃદય તિલક સંતોષ ॥૮॥ રત્ન
ત્રયી ગુણ ઉજ્જવલી, સકળ સુગુણ વિશ્રામ,
નાભિ કમળની પૂજના, કરતાં અવિચળ
ધામ ॥૯॥ ઉપદેશક નવ તત્વના, તિણ
નવ અંગ જીણંદ, પૂજો બહુ વિધ રાગ-
થી, કહે શુભવીરમુણિંદ ॥૧૦॥ ઇતિ.

॥ श्री संखेश्वर पार्श्वजिनछंद ॥

સેવો પાસ સંખેશ્વરો મન શુદ્ધ, નમો
નાથ નિશ્ચે કરી એક બુદ્ધ, દેવી દેવલાં
અન્યને શું નમોછો, અહો ભવ્ય લોકો
ભુલા કાં ભમોછો ॥૧॥ ત્રીલોકના ના-
થને શું તજોછો, પડયા પાસમાં ભુ-
તડાને ભજો છો, સુર ધેનુ છંડી અજાને
શું અજોછો, મહા પંથ મુકી કુપંથે વ્રજો
છો ॥૨॥ તજે કોણ ચિંતામણી કાચ માટે,
ગ્રહે કોણ રાસભને હસ્તિ સાટે;
સુર દ્રુમ ઉપાડી આક કુણ વાવે, મહા મૂ
ઢ તે આકુળા અંત પાવે ॥૩॥ કીંહાં કાં-

કરોને કીંહાં મેરૂ શ્રુંગ, કીહાં કેસરીને કીહાં તે કુરંગ, કીંહાં વિશ્વનાથ કીંહાં અન્ય દેવા, કરો એક ચિત્તે પ્રભુ પાસ સેવા ॥૪॥ પુજો દેવી પ્રભાવતી પ્રાણનાથ, સહુ જીવને જે કરે છે સનાથ, મહાતત્વ જાણી સદા જેહ ધ્યાવે, તેના દુઃખદારીદ્ર દુરે પળાવે ॥૫॥ પામી માનુષ્યાને વૃથા કાં ગમાઓ છો, કુશીલે કરી દેહને કાં દમાઓ; નહીં મુક્તી વાસં વિના વિતરાગં, ભજો ભગવંતં તજો દ્રષ્ટી રાગં ॥૬॥ ઉદયરત્ન વાચે સદા હેત આણી, દયા ભાવ કીજે પ્રભુ દાસ જાણી, આજ મારે મોતીડે મેહ ઉઠ્યા, પ્રભુ પાસ સંખેશ્વરો આપ તુઠ્યા ॥૭॥ ઇતિ.

॥ श्री सीमंधर जिन स्तवन ॥

સુણો ચંદાજી સીમંધર પરમાતમ પાસે જાજો; મુજ વિનતડી પ્રેમ ધરીને એણીપેરે તુમે સંભલાવજો ॥ એ આંકણી ॥ જે ત્રણ ભુવનનો નાયક છે, જસ ચો-

સઠ ઇંદ્ર પાયક છે, નાણ દરિશણ જેહને ખાયક છે ॥સુણો૦ ૧॥ જેની કંચન વરણી કાયા છે, જસ ધોરી લંછન પાયા છે; પુંડરિગિણિ નગરીનો રાયા છે ॥સુણો૦૨॥ બાર પર્ષદામાંહી બીરાજે છે, જસ ચોત્રીશ અતિશય છાજે છે; ગુણ પાંત્રીશ વાણીયે ગાજે છે ॥સુણો૦૩॥ ભવિજનને જે પડિબોહે છે, જસ અધિક શીતલ ગુણ સોહે છે; રૂપ દેખી ભવિજન મોહે છે ॥સુણો૦૪॥ તુમ શેવા કરવા રશીઓછું, પણ ભરતમાં દુરે વસીઓછું; મહા મોહરાય કર ફસીઓછું ॥સુણો૦૫॥ પુણ સાહિબ ચિત્તમાં ધરીયો છે, તુમ આણા ખડગ કર ગ્રહીયો છે, પણ કાંઇક મુજથી ડરીયો છે ॥સુણો૦૬॥ જીન ઉત્તમ પુંઠ હવે પુરો, કહે પદ્મવિજય થાઓં શૂરો; તો વાધે મુજ મન અતિ નુરો ॥સુણો૦૭॥ ઇતિ.

॥ श्री तीर्थमालानुं स्तवन ॥

શેત્રુંજે રીષભ સમોસર્યા, ભલા ગુણ

ભર્યોરે; સિધ્યા સાધુ અનંત, તીરથ તે ન-
મું રે; તિન કલ્યાણક તિહાં થયાં, મુગ્તે ગ-
યારે, નેમીસર ગીરનાર ॥તી૦ ૧॥ અષ્ટા-
પદ એક દેહરો, ગિરિસેહરોરે; ભરતે ભ-
રાવ્યાં બિંબ ॥તી૦ ॥ આબુ ચોમુખ અ-
તિ ભલો, ત્રિભુવન તીલોરે; વીમલ વસી
વસ્તુપાલ ॥તી૦૨ ॥ સમેતશીખર સોહા-
મણો, રળીયામણોરે; સિધ્યા તીર્થંકર વીશ
॥તી૦॥ નયરી ચંપા નિરખીયે, હૈયે હર-
ખીયેરે; સિધ્યા શ્રી વાસુપુજ્ય ॥ તી૦૩ ॥
પુર્વદિશે પાવાપુરી, રીદ્ધે ભરીરે; મુગતે ગ-
યા મહાવીર ॥તી૦ ॥ જેશલમેર જુહારી
યે, દુઃખ વારીયેરે; અરિહંત બિંબ અનેક
॥તી૦૪॥ વિકાનેરજ વંદીયે, ચિરનંદીયેરે;
અરિહંત દેહરાં આઠ ॥તી૦૬ ॥ સેરિસ-
રે। સંખેશ્વરો પંચાસરોરે, ફલોધી થંભણ
પાસ ॥તી૦૫ ॥ અંતરીક અંજાવરો, અ-
મીઝરોરે, જીરાવલો જગનાથ ॥તી૦॥ ત્રી-
લોકય દીપક દેહરો, જાત્રા કરોરે; રાણ-
પુરે રિસહેશ ॥તી૦૬॥ શ્રીનાડુલાઇ જાદ-

વો, ગોડિસ્તવોરે; શ્રીવરકાણો પાસ ાાતી૦ાા નંદીશ્વરનાં દેહરાં, બાવન ભલાંરે; રૂચક કુંડલે ચાર ચાર ાાતી૦ાા શાશ્વતી અશાશ્વતી, પ્રતીમા છતીરે; સ્વર્ગ મૃત્યુ પાતાલ ાાતી૦ ાા તીરથ જાત્રા ફલ તિહાં, હોજો મુજ ઇહાંરે; સમયસુંદર કહે એમ ાા ાા તી૦ ૮ ાા ઇતિ ાા

श्री महाविर जिन समवसरण स्तवन.

બલીહારી જાઉં વારી, મહાવીર તોરી સમોસરણકી બલીહારી. ાાઆંકણીાા ત્રણ ગઢ ઊપર તખત બિરાજે ાા બેઠી છે પરખદા બારી ાામહાવીર ાા૧ાા વાણી જોજન સહુ કોઇ સાંભળે, તાર્યાછે નર ને નારી ાામહા. ાા૨ાા આનંદઘન પ્રભુ એણીપરે બોલે, આવાગમન નીવારી ાામહા૦ાા૩ાા ઇતિ.

ાા श्री रिखभजीननुं स्तवन ાા

મહાવીદેહ ક્ષેત્ર સોહામણું એ દેશી.

જગજીવન જગ વાલહો ॥ મરૂદેવીનો નંદ લાલરે. મુખ દીઠે સુખ ઉપજે, દર્શન અતિહી આણંદ લાલરે.॥૧॥ જ૦॥ આંખડી અંબુજ પાંખડી ॥ અષ્ટમી શશી સમ ભાલ લાલરે. વદન તે શારદ ચંદલો ॥ વાણી અતિઅ રસાલ લાલરે ॥ ૨ ॥ જ૦ ॥ લક્ષણ અંગે વિરાજતાં ॥ અડહીય સહુસ ઉદાર લાલરે ॥ રેખા કર ચરણાદીકે ॥ અભ્યતંર નહીં પાર લાલરે ॥ ૩ ॥ જ૦ ॥ ઇંદ્ર ચંદ્ર રવિ ગિરિ તણા ॥ ગુણ લેઇ ઘડીયું અંગ લાલરે ॥ ભાગ્ય કીંહાં થકી આવીયું ॥ અચરીજ એહ ઉતંગ લાલરે ॥ ૪ ॥જ૦॥ ગુણ સઘળા અંગે કર્યા ॥ દુર કર્યા સવી દોખ લાલરે ॥ વાચક જશ વિજયે થુણ્યો દેજો સુખનો પોખ લાલરે ॥૫॥જ૦॥ ઇતિ.

श्री आदिजिन स्तुति.

આદિ જીનવર રાયા, જાસ સોવન કાયા; મરૂદેવી માયા, ધોરી લંછન પાયા; જગતસ્થિતિ નીપાયા, શુદ્ધ ચારિત્ર પાયા;

કેવલ સિરિરાયા, મોક્ષ નગરે સધાયા ॥૧॥
સવિજિન સુખકારિ, મોહમિથ્યા નિવારી;
દુરગતિ દુઃખ ભારી, શોક સંતાપ વારી;
શ્રેણીક્ષપક સુધારી, કેવલાનંત ધારી; ન-
મીએ નરનારી, જેહ વિશ્વોપકારી ॥૨॥
સમવસરણ બેઠા, લાગે જે જીનજી મીઠા;
કરે ગણપપઈઠા, ઇંદ્રચંદ્રાદિ દીઠા; દ્વાદ-
શાંગી વરિઠા, ગુંથતા ટાલે રિઠા; ભવિ-
જન હોય હિઠા, દેખી પુણ્યે ગરિઠા ॥૩॥
સુર સમકિત વંતા, જેહ રિધ્ધે મહંતા;
જેહ સુજન સંતા, ટાલિયે મુજચિંતા;
જિનવર સેવંતા, વિઘ્નવારે દુરંતા; જિન
ઉત્તમ થુણંતા, પદ્મને સુખદિંતા ॥૪॥

अथ हित शिक्षा छत्रीशी.

પંડિત શ્રી વિરવિજયજીકૃત.

સાંભળરે તું સજની મોરી—એ દેશી.

સાંભળજો સજ્જન નરનારી,
હેત શીખામણ સારીજી;

રીસ કરે દેતાં શિખામણ,
ભાગ્ય દશા પરવારી.
સુણજો સજનોરે ૧
લોક વિરૂદ્ધ નિવાર ॥સુ॥,
જગત વડો વ્યવહાર ॥સુ॥ એ આંકણી.
મુરખ બાલક જાચક વ્યસની,
કારૂને વળી નારૂજી;
જો સંસારે સદા સુખ વંછો,
ચોરની સગતી વારો. સુ૦ ૨
વેશ્યા સાથે વણજ ન કરીએ,
નીચસ્યું નેહ ન કરિએજી;
ખંપણ આવે ઘરધન જાવે,
જીવિતને પરિહરિએ. સુ૦ ૩
કામ વિના પર ઘર નવિ જઇએ,
આળે ગાળ ન દીજેજી;
બળીઆ સાથે બાથ ન ભરિએ,
કુટુંબ કલહ નવ કીજે. સુ૦
દુશ્મનસ્યું પરનારી સાથે,
તજીએ વાત એકાંતેજી;
માતા બહેન સ્યું મારગ જાતાં,

વાત ન કરીએ રાતે. સુ૦ ૫
રાજા રમણી ધરનો સોની,
વિશ્વાસે નવિ રહીએજી;
માત પિતા ગુરૂ વિણુ બીજાને,
ગુજ્યની વાત ન કહિયે. સુ૦ ૬
અણુજાણ્યાસ્યું ગામ ન જઇએ,
ઝાડ તળે નવિ વસીએજી;
હાથી ઘોડા ગાડી જાતાં,
દુર્જનથી દુર ખસિએ. સુ૦ ૭
રમત કરતાં રીસ ન કરીએ,
ભય મારગ નવિ જઇએજી;
બે જણ વાત કરે જિહાં છાની,
તિહાં ઉભા નવિ રહિયે. સુ૦ ૮
હુંકારા વિણુ વાત ન કરીએ,
ઇચ્છા વિણુ નવિ જમિએજી;
ધન વિદ્યાનો મદ પરિહરિએ,
નમતા સાથે નમિએ. સુ૦ ૯
મુરખ જોગી રાજા પંડિત,
હાંસિ કરી નવિ હસિએજી;
હાથી વાઘ સરપ નર વઢતાં,

દેખીને દુર ખસિએ. સુ૦ ૧૦
કુવા કાંઠે હાંસિ ન કરિએ,
કેરૂ કરી નવિ ભમિએજી;
વરો ન કરીએ ઘર વેચીને,
જુગટડે નવિ રમીએ. સુ૦ ૧૧
ભણતાં ગણતાં આળસ તજીએ,
લખતાં વાત ન કરીએજી;
પરહસ્તે પરદેશ દુકાને,
આપણું નામ ન ધરિએ. સુ૦ ૧૨
નાસુ માંડો આળસ છંડી,
દેવાદાર ન થઇએજી;
કષ્ટ ભયાદિક થાનક વરજી,
દેશાવર જઇ રહિએ. સુ૦ ૧૩
ધનવંતો ને વેશ મલિનતા,
પગસ્યું પગ ઘસિ ધોવેજી;
નાપિત ઘર જઇ શિર મુંડાવે,
પાણિમાં મુખ જોવે. સુ૦ ૧૪
નાવણ દાતણ સુંદર ન કરે,
બેઠો તરણાં તોડેજી;
ભાંએ ચીતામણ નાગો સુએ,

તેહુને લક્ષ્મી છોડે. સુ૦ ૧૫
માતા ચરણે શિશ નમાવી,
બાપને કરી સલામોજી;
દેવ ગુરૂને વિધીએ વાંદી,
કરે સંસારનું કામ. સુ૦ ૧૬
બે હાથે માથું નવિ ખણિએ,
કાન નવિ ખોતરીએજી;
ઉભા કેડે હાથ ન દિજે,
સામે પુરે નવિ તરીએ. સુ૦ ૧૭
તેલ તમાકુ દુરે તજીએ,
અણગલ જલ નવિ પીજેજી;
કુળવંતી સતીને શિખામણ,
હવે નર ભેગી દીજે. સુ૦ ૧૮
સસરો સાસુ જેઠ જેઠાણી;
નણદી વિનય મ મુકોજી;
શયાણ પણે શેરી સંચરતાં,
ચતુરા ચાલ મ ચુકો. સુ૦ ૧૯
નીચ સાહેલી સંગ ન કીજે,
પર મંદિર નવિ ભમીએજી;
રાતિ પડે ઘર બાર ન જઇએ,

સહુને જમાડી જમીએ. સુ૦ ૨૦
ધોબણ માલણ ને કુંભારણ,
જોગણ સંગ ન કરીએજી;
સહુજે કોઇક આલ ચઢાવે,
એવડું શાને કરીએ. સુ૦ ૨૧
નિજ ભરતાર ગયો દેશાવર,
તવ સણગાર ન ધરિએજી;
જમવા નાતિ વચ્ચે નવિ જઇએ,
દુરજન દેખી ડરિએ. સુ૦ ૨૨
પર શેરી ગરબો ગાવાને,
મેળે ખેળે ન જઇએજી;
નાવણ ધોવણ નદી કીનારે,
જાતાં નિરલજ થઇએ સુ૦ ૨૩
ઉપડતે પગે ચાલી ચાલજે,
હુન્નર સહુ શીખીજેજી;
સ્નાન સુવસ્ત્રે રસોઇ કરીને,
દાન સુપાત્રે દીજે. સુ૦ ૨૪
શોકય તણા લઘુ બાલક દેખી.
મ ધરો ખેદ હિયામેંજી;
તેહની સુખ શીતળ આશીશે,

પુત્ર તણા ફલ પામે. સુ૦ ૨૫
બાર વરસ બાળક સુરપડીમા,
એ બે સરિખાં કહીએજી;
ભકિત કર્યે સુખ લીલા પામે,
ખેદ કરે દુઃખ લહિયે. સુ૦ ૨૬
નરનારી બેહુને શિખામણ,
મુખ લવરી નવિ હસિએજી;
નાતિ સગાનાં ઘર છંડીને,
એકલડાં નવિ વસિએ. સુ૦ ૨૭
વમન કરીને ચિતા ઝાલે,
નબળે આસન બેસીજી;
વિદિશી દક્ષણ દિશ અંધારે,
બોટચું પશુએ પેશી. સુ૦ ૨૮
અણજાણ્યે રૂતુવંતિ પાત્રે,
પેટ અજીરણ વેળાજી;
આકાસે ભોજન નવિ કરિએ,
બે જણ બેશી ભેળા. સુ૦ ૨૯
અતિશે ઉનું ખારૂં ખાટું,
શાક ઘણું નવિ ખાવુંજી;
મૌન પણે ઉઠી ગણુ વરજી,

જમતા વેળા નહાવું. સુ૦ ૩૦
ધાન ચવાણી વખોડી ન ખાવું,
તડકે બેશી ન જમવુંજી;
માંદા પાસે રાત તજીને,
નરણાં પાણી ન પીવુંજી. સુ૦ ૩૧
કંદ મુળ અભક્ષ ને બોળો,
વાસી વીદલ તે વરજોજી;
જુઠ તજો પર નિંદા હિંસા,
જો વળી નરભવ સરજો. સુ૦ ૩૨
વ્રત પચ્ચખ્ખાણ ધરી ગુરૂ હાથે,
તીરથ યાત્રા કરીએજી;
પુન્ય ઉદય જો મોટો પ્રગટે,
તો સંઘવી પદ ધરિયે. સુ૦ ૩૩
મારગમાં મન મોકળું રાખી,
બહુ વીધ સંઘ જમાડોજી;
સુર લોકે સુખ સઘળાં પામે,
પણ નહીં એવો દહાડો. સુ૦ ૩૪
તીરથ તારણ શીવ સુખકારણ,
સિદ્ધાચલ ગિરનારજી;
પ્રભુ ભક્તિ ગુણ એણે ભવજલ,

તરીએ એક અવતારે. સુ૦ ૩૫
લૌકીક લોકોત્તર હિત શિક્ષા,
છત્રીશીએ બોલીજી;
પંડિત શ્રી શુભવીર વિજય મુખ,
વાણી મોહન વેલી. સુ૦ ૩૬

सज्झाय.

સજજા ભલીરે સંતોષની,
કીજીએ ધર્મ રસાલરે; એ ટેક
મુગતી મંદીર માંહી પોઢીયા,
સુતાં સુખ અપારરે. સ૦ ૧
સંજમ તળાઇ ભલી પાથરી,
વિનય ઓશીસાં સારરે;
સમતાએ ગાલ મસુરીયાં,
વિંજણીઓ વ્રત બારેરે; સ૦ ૨
ઉપશમ ખાટ પછેવડી,
સોલડીએ વેરાગરે;
ધર્મ શીખ ઓઢણી.
ઓઢે તે ધર્મને જાણરે. સ૦ ૩
એ સજજાએ કોણ પોઢશી,

પોહસે શીયળવંતી નારીરે;
કર્ણાયણ મુખ ઇમ ઉચરે,
પોહશે પુરૂષ વ્રત ધારીરે; સ૦ ૪
ધર્મ કરો તુમે પ્રાણીયા,
આતમને હિતકારીરે;
વિનય વિજય ઉવઝાયનો,
હયો કેવળ સુખકારીરે. સ૦ ૫

समकितना ६७ बोल.

૪	સદ્દહણા	૫	ભૂષણ
૩	લિંગ	૫	લક્ષણ
૧૦	વિનય	૬	જતના
૩	શુદ્ધિ	૬	આગાર
૫	દૂષણ	૬	ભાવના
૮	પ્રભાવક	૬	સ્થાન

चारसद्दहणा.

૧ જીવાદિક નવ તત્વનો અભ્યાસ કરવો, વિચાર કરવો.

૨ સાધુ મુનીરાજની શેવા કરવી.

૩ પાસથ્થા, કુશીલીઆ, વેશવીડંબક

એવા સમકીતથી ભ્રષ્ટનો સંગ કર-
વો નહીં.

૪ અન્યદર્શની, મિથ્યા દ્રષ્ટીનો સંગ
ન કરવો.

ત્રણ લિંગ.

૧ સિદ્ધાંત એટલે વીતરાગની વાણી
સાંભળવાની અતિ અભિલાષા.

૨ ચારિત્ર ધર્મ એટલે વ્રત પચ્ચખાણ
કરવાની અતિ અભિલાષા.

૩ દેવ ગુરૂ પ્રમુખ ઊત્તમ પુરૂષોની
વૈયાવૃત્ય કરવામાં સાવધાન.

દશ વિનય.

૧ અરિહંત દેવનો	૬ સર્વ સાધુનો
૨ સિદ્ધ ભગવાનનો	૭ આચાર્યનો
૩ જીન પ્રતિમાનો	૮ ઉપાધ્યાયનો
૪ ચારિત્ર ધર્મનો	૯ ચતુર્વીધ સંઘનો
૫ શ્રૃત ધર્મનો	૧૦ સમ્યક દર્શનનો

વિનય એટલે શેવા, ભક્તિ, બહુમાન,
અંતરંગ પ્રેમ, ગુણ ગ્રામ કરવા તથા
અવગુણ ઢાંકવા, આશાતના ટાળવી

તેમાં દેવની ૮૪ અને ગુરૂ સંબંધી ૩૩ આશાતના ટાળવી.

ત્રણ શુદ્ધિ.

૧ મનશુદ્ધિ એટલે વીતરાગનો ભાખ્યો ધર્મ સારછે બીજું કંઇ સંસારમાં સાર નથી એવો ભાવ તે.

૨ વચન શુદ્ધિ એટલે જીનધર્મ આરાધતાં કલ્યાણ નહીં હોય તો બીજાથી કેમ હોય. કલ્યાણ તો વીતરાગના ધર્મ થકીજ છે બીજાથી કલ્યાણ નથી એમ કહેવું તે.

૩ કાય શુદ્ધિ એટલે કોઇ છેદો, ભેદો અનેક પ્રકારની પીડા ઊપજાવો, પણ વીતરાગ વીના બીજાની આગળ મસ્તક ન નમાવવું તે.

પાંચ દૂષણ.

૧ શંકા એટલે વીતરાગના વચનમાં શંસય કરવો.

૨ કાંક્ષા એટલે જીનમત વિના બીજા મતની વાંછા કરવી.

૩ વિચિકિત્સા એટલે ધર્મના ફળ વિષે સંદેહ કરવો.
૪ પ્રશંસા એટલે કુલિંગી, કર્મલિંગી પાખંડી લોકોની પ્રશંસા કરવી.
૫ સંસ્તવ એટલે ઉપર બતાવેલા પાખંડી લોકનો પરિચય કરવો. એ પાંચ દૂષણ વર્જવાં.

आठ प्रभावक.

૧ જીનમત પરમતના શાસ્ત્રના જાણ.
૨ ધર્મ ઉપદેશનો દેનાર,
૩ ન્યાયથી વાત કરનાર,
૪ નિમિત્તિના જાણ.
૫ ક્ષમાવંત નિર્લોભી, તપસ્વી.
૬ વિદ્યા મંત્રના જાણ
૭ સિદ્ધિ સંપન્ન (આકાશ પ્રદેશની વિદ્યાએ સહીત.)
૮ કવિ.

ઉપર કહેલા આઠ જીનમત દીપાવનાર કહીએ એવા થવાનો ઉદ્યમ કરવો જેથી જીનધર્મ દીપાવવામાં આવે અથવા

એવા પુરૂષોની તેમના સમકીતવંત ગુણ જોઇને શેવા કરવી.

પાંચ ભૂષણ.

૧ જિન માર્ગને વિષે કુશળ હોય.

૨ જિન શાસનની પ્રભાવના એટલે દીપાવવુ અથવા વૃદ્ધિ થાય તેમ કરવું

૩ ગીતાર્થ મુનિરાજ અને તીર્થની શેવા કરવી.

૪ જૈન ધર્મને વિષે દ્રઢતા રાખવી.

૫ દેવ, ગુરૂ તથા સિદ્ધાંતનો વિનય (વૈયાવચ્ચ) કરવો.

પાંચ લક્ષણ.

૧ ઉપશમ એટલે ક્રોધ, માન, માયાને લોભ એ ચાર કષાયનું ટાળવું તે.

૨ સંવેગ એટલે મોક્ષના સુખની અભિલાષા રાખવી.

૩ નિર્વેદ એટલે સંસારના દુઃખ થકી ઉદાસ રહેવું.

૪ અનુકંપા એટલે જીવને દુઃખ થકી નિવારણ કરવાની ઇચ્છા અર્થાત સર્વ

જીવને વિષે દયા ભાવ રાખવો.

૫ આસ્તિક્ય શ્રીવીતરાગે જે ભાખ્યુ તે સત્ય છે જુઠ કાંઇ પણ નથી એવી દ્રઢ આસ્થા રાખવી.

છ જતના.

૧ પરતીર્થિકાદિવંદન એટલે અન્ય તીર્થિના દેવ તથા અન્યતીર્થીની અંગીકાર કરેલાં જિન પ્રતિમાને વંદન કરવું નહીં એટલે તેમની આગળ બે હાથ જોડવા નહીં.

૨ નમસ્કરણ એટલે તેમને નમસ્કાર કરવો નહી એટલે તેમની આગળ માથું નમાવવું નહીં.

૩ આલાપન એટલે તેમની સાથે પ્રથમ બોલવું નહીં.

૪ સંલાપન એટલે તેમની સાથે વારંવાર બોલવુ નહીં.

૫ અશનાદિદાન એટલે ખાવાપીવાનુ ધર્મ બુદ્ધિએ આપવું નહીં.

૬ ગંધ પુષ્પાદિ પ્રેષણ એટલે તેમને ગંધ પુષ્પાદિ મોકલવા નહીં.

છ આગાર.

૧ રાજાભિયોગ, એટલે રાજાના કહેવાથી કરવું.

૨ ગણાભિયોગ એટલે ઘણા લોકના કહેવાથી કરવું.

૩ બળાભિયોગ એટલે બળવાનના કહેવાથી કરવું

૪ સુરાભિયોગ એટલે દેવતાદિકની હઠથી કરવું.

૫ કાંતારવૃત્તી એટલે આજીવીકાને વાસ્તે કરવું,

૬ ગુરૂનિગ્રહ એટલે માતાપીતા કળાચાર્ય પ્રમુખના કહેવાથી કરવું.

આ છ આગાર પોતાની મરજી ન છતાં લાચારીથી તેમના કહેવાથી શેવવા.

છ ભાવના.

૧ સમકિત કેવું છે ચરિત્ર ધર્મરૂપી ઝાડનું મુળ છે.

૨ વળી સમકિત કેવું છે તો ચારિત્ર ધર્મરૂપી નગરમાં પેસવાનું બારણું છે.

૩ આ સમકિત ચરિત્ર ધર્મરૂપી મેહુલનો મૂળ પાયો છે.

૪ વળી સમકિત જ્ઞાન ચારિત્રાદિ ગુણરૂપ રત્નનો નિધિ છે.

૫ વળી સમકિત કેવું છે તો ચારિત્રરૂપી જીવિતપણાનો આધાર છે.

૬ વળી સમકિત શ્રુતચારિત્ર રૂપી રસનુ પાલ છે.

છ સ્થાન.

૧ જીવ છે.

૨ જીવ નિત્ય છે.

૩ જીવ કર્મનો કર્તા છે.

૪ જીવ કર્મનો ભોગવનાર છે.

૫ જીવને મોક્ષ છે.

૬ જીવને મોક્ષનો ઉપાય છે એટલે કર્મ રહિત થવાનો ઉપાય છે.

શો ઉપાય છે? સમ્યગ્, જ્ઞાન, દર્શન અને ચારિત્ર. ઇતિ સમકિતના ૬૭ બોલ સંક્ષેપે સંપૂર્ણ.

ભવાભિનંદી જીવોનાં લક્ષણ.

પાંચ ઇંદ્રિયોનાં વિષય સુખ પરમાર્થે કરી દુઃખકારી છે તોપણ તેને વિષે જે જીવો સુખની બુદ્ધિએ કરીને આનંદ માને છે તેને ભવાભિનંદી કહીએ. તેમનાં લક્ષણ નીચે મુજબ.

૧ અહારને અર્થે એટલે જો હું સામાયક પોસહ તથા દેશાવકાસીકાદિક ધર્મકરણી કરીશ તો જમવાનું મળશે એવી વિચારણાથી ધર્મ કરણી કરવી તે.

૨ પૂજાવાને અર્થે ધર્મ કરે એટલે જો હું ધર્મ કરણી કરીશ તો લોકમાં પૂજનીક થઇશ એવો અભિપ્રાય રાખવો તે.

૩ ઉપધી એટલે વસ્ત્ર પાત્રાદિકને અર્થે ધર્મ કરણી કરવી તે.

૪ રિદ્ધિ ગારવ એટલે શ્રાવક પોતાના કરવાને અર્થે એટલે જો ધર્મ કરણી કરીશ તો આ શ્રાવક મારા થશે અને એમનાથી મારૂં ગુજરાન થશે એવી બુદ્ધિએ કરીને ધર્મ કરણી કરવી તે.

૫ ક્ષુદ્ર એટલે અગંભીર હોય એટલે પારકાં છીદ્ર ખોળતો ફરે અને લોકોના કિંચિત્ અવગુણ દેખી લોકોની આગળ વિશેષપણે કહેતો ફરે અને પોતાના અવગુણ ઢાંકે તેમજ પોતાના ગુણનો ઉત્કર્ષ કરે એટલે હરેક રીતે પોતાના ગુણ પ્રગટ થાય એમ લોકોની આગળ બોલવું તે.

૬ લોભને વિષે એટલે પુદ્ગળ ભાવને વિષે અર્થાત્ ધન ધાન્ય વસ્ત્ર પાત્ર જશ કીર્તિ મેળવવાને વિષે તત્પર એટલે લીન—આસક્ત રહેવું તે.

૭ દીન એટલે પુદ્ગળ ભાવના વિયોગે કરીને રાંક અર્થાત્ આગામી કાળની ચિંતા કરે કે હાય હાય હું શું ખાઇશ અને હવે હું કેમ કરીશ, હવે મારા કુટુંબનો નિર્વાહ કેમ ચાલશે એવી ચિંતા કરે પણ આત્મ સ્વરૂપનો કાંઇપણ વિચાર કરે નહીં તે.

૮ મત્સરી એટલે પારકા ગુણને ન સહેતે.

૯ ભયવાન એટલે પુદ્ગલાદિક વસ્તુના વિયોગનો ભય કરવો તે.

૧૦ શઠ એટલે કપટી.

૧૧ અજ્ઞાની એટલે સર્વ વસ્તુનો અજાણ.

ઉપર લખેલાં અગીયાર લક્ષણો હરેક જણે વર્જવાં અને ધર્મ કરણી કરતાં તો વિશેષપણે વર્જવાં

મિથ્ય ત્વના બોલ.

૧ પ્રરૂપણા મિથ્યાત્વઃ—શ્રી જીનેશ્વર મહારાજે ભાષિત જે અર્થ તે થકી અવળી પ્રરૂપણા કરવી તે.

૨ પ્રવર્તનમિથ્યાત્વ—લૌકીક તથા લોકોત્તર મિથ્યાત્વની કરણી કરવી તે.

૩ પરિણામ મિથ્યાત્વ–મનમાં એટલે પરિણામમાં જુઠો હઠવાદ રાખવો અને કેવળી મહારાજે પ્રરૂપ્યા એવા નવ તત્વના અર્થ યથાર્થ સદહવા નહીં તે

૪ પ્રદેશ મિથ્યાત્વ—સત્તાગતમાં રહેલી મોહની કર્મની સાત પ્રકૃતિ તે.

માર્ગાનુસારીના ૩૫ બોલ.

૧ ન્યાય સંપન્ન વિભવઃ ન્યાયથી ધન મેળવવું એટલે સ્વામી દ્રોહ. મિત્રદ્રોહ, વિશ્વાસીને ઠગવું, ચોરી કરવી થાપણ ઓળવવી વીગેરે નિંદવા યોગ્ય કામ ત્યાગ કરીને ધન ઉપાર્જન કરવુ

૨ શિષ્ટા ચાર પ્રશંસા–ઉત્તમ પુરૂષોના આચરણના વખાણ કરવા.

૩ સરખા કુળાચાર વાળા પણ અન્ય ગોત્રી સાથે વિવાહ કરવો

૪ પાપના કામથી ડરવું.

૫ પ્રસિદ્ધ દેશાચાર પ્રમાણે વર્તવું

૬ કોઇના અવર્ણ વાદ બોલવા નહીં.

૭ જે ઘરમાં પેસવા નિકળવાના અનેક રસ્તા નથી તથા જે ઘર અતિ ગુપ્ત અને અતિ પ્રગટ ન હોય અને પાડોશી સારા હોય તેવા ઘરમાં રહેવું.

૮ સારા આચરણવાળા પુરૂષોની સોબત કરવી.

૯ માતા તથા પિતાનીપુજા કરવી એટ-

લે તેમનો સર્વ રીતે વિનય સાચવવો તેમને પ્રસન્ન રાખવાં.

૧૦ ઉપદ્રવવાળા સ્થાનકનો ત્યાગ કરવો એટલે લડાઇ, દુકાળ વગેરે અડચણવાળાં ઠેકાણાં છોડવાં.

૧૧ નિંદિત કામમાં ન પ્રવર્તવું એટલે નિંદવા યોગ્ય કામ ન કરવાં.

૧૨ આવક પ્રમાણે ખરચ રાખવું.

૧૩ ધનને અનુસરતો વેશ રાખવો એટલે પેદાશ પ્રમાણે પોશાકી રાખવી.

૧૪ આઠ પ્રકારના બુદ્ધિના ગુણને સેવવા તે આઠ ગુણનાં નામ. ૧ શાસ્ત્ર સાંભળવાની ઇચ્છા, ૨ શાસ્ત્ર સાંભળવું, ૩ તેનો અર્થ સમજવો, ૪ તે યાદ રાખવો, ૫ ઉહ–તેમાં તર્ક કરવો તે સામાન્ય જ્ઞાન, ૬ અપોહ એટલે વિશેષ જ્ઞાન, ૭ ઉહા પોહથી સંદેહ ન રાખવો, ૮ તત્વ જ્ઞાન એટલે આ વસ્તુ આમજ છે એવો નિશ્ચય કરવો.

૧૫ નિત્ય ધર્મને સાંભળવો જેથી બુદ્ધિ નિર્મળ થાય.

૧૬ પહેલાં જમેલું ભોજન પચી જાય ત્યાર પછી નવું ભોજન કરવું.

૧૭ જ્યારે ખરી ભુખ લાગે ત્યારે ખાવું, પણ એકવાર ખાધા પછી તરંતજ મીઠાઇ વાગેરે આવેલું જોઇ લાલચથી તે ઉપર ખાવું નહીં કારણકે અપચો થાય.

૧૮ ધર્મ, અર્થ અને કામ એ ત્રણે વર્ગને સાધવા.

૧૯ અતિથિ તથા ગરીબને અન્નપાનાદિ આપવું.

૨૦ નિરંતર અભિનિવેષ રહીત રહેવું એટલે કોઇને પરાભવ કરવાના પરિણામે કરી અનીતીથી કામનો આરંભ કરવો નહીં તે.

૨૧ ગુણી પુરૂષોનો પક્ષપાત કરવો એટલે તેમનું બહુ માન કરવું.

૨૨ નિષિદ્ધ દેશકાળનો ત્યાગ કરવો એટલે રાજા તથા લોકોએ નિષેધ કરેલા દેશકાળમાં જવું નહીં.

૨૩ પોતાની શક્તિને અનુસરીને કામનો આરંભ કરવો.

૨૪ પોષણ કરવા યોગ્ય એવાં માતાપિતા સ્ત્રી પુત્રાદિકનું ભરણ પોષણ કરવું.

૨૫ વ્રતને વિશે રહેલા તથા જ્ઞાને કરી મોટા એવા પુરૂષોને પૂજવા એટલે તેમનો સારી રીતે વિનય સાચવવો.

૨૬ દીર્ઘદર્શી એટલે જે કામ કરે તેમાં લાંબી દ્રષ્ટી ફેરવી તેના શુભાશુભ ફળનો તપાસ કરી ચાલવું

૨૭ વિશેષજ્ઞ એટલે દરેક વસ્તુનો તફાવત સમજી પોતાના આત્માના ગુણદોષનો તપાસ કરવો.

૨૮ કૃતજ્ઞ (કર્યા કામનો જાણ) એટલે કરેલા ઉપકારને તથા અપકારને સમજવો.

૨૯ લોકપ્રીય એટલે વિનયાદિ ગુણેકરી લોકપ્રીય થવું.

30 લજ્જાળુ (લાજવાળો) એટલે લાજ-મર્યાદામાં રહેવું—

૩૧ દયાળુ દયાભાવ રાખવો—

૩૨ સુંદર આકૃતિવાન એટલે ક્રુર આકૃતિનો ત્યાગ કરી શરીરનો સુંદર આકાર રાખવો—

૩૩ પરોપકારી એટલે પરને ઉપકારી થવું—

૩૪ અંતરંગારિજિત એટલે કામ ક્રોધ લોભ માન મદ તથા હર્ષ એ છ અંતર વૈરીને જીતવા—

૩૫ વશીકૃતેંદ્રિયગ્રામ એટલે ઇંદ્રીયોના સમુહને વશ કરવા એટલે સર્વે ઇંદ્રીયોને વશ કરવાનો અભ્યાસ કરવો.

બાળ જીવોને મોંઢે કરવાં સુગમ પડે માટે ઉપરના માર્ગાનુસારીના પાંત્રીશં બોલ સંક્ષેપથી લખ્યાછે. વિશેષ વિવરણ ગ્રંથાંતરોમાંથી જોઇ લેવું